
VAPI INDUSTRIES ASSOCIATION
UNIPHOS
Welcomes
Chief Guest
Dr. Mansukhbhai Mandaviya
Hon'ble. Minister of Labour & Employment and Youth Affairs & Sports, Govt. of India
Guest of Honour
Shri Kanubhai Desai
Hon'ble. Cabinet Minister of Finance, UrbanDevelopment & Urban Housing, Govt. of Gujarat
Guest of Honour
Shri Arjun Modhwadia
Hon'ble. Cabinet Minister of Forest, Environment & Climate change and Science & Technology, Govt. of Gujarat
Seminar on
Industrial Safety and Air-Monitoring of Toxic Gases
10th & 11th October, 2026
9:00 AM Onwards
Venue
Kanu Desai VIA Auditorium, Vapi, Gujarat
Supported by
CCFI
Crop Care Federation of India
Gujarat Pollution Control Board
Platinum Sponsor
SUPERFORM
UNIPHOS
Gold Sponsor
AGROCEL
BEIL
EXCEL
Gujarat Themis Biosyn Limited
Meril
PMFAI
PUNJAB CHEMICALS AND CROP PROTECTION LTD.
SML
THEMIS MEDICARE
VAPI GREEN ENVIRO LIMITED

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ વિસ્તારના અનેક રેલ્વે પ્રશ્ને સાંસદની રજુઆત

### વલસાડથી નવી ટ્રેનોની શરુઆત અને શતાબ્દી તથા વંદે ભારતને સ્ટોપેજ, વઘઈ નેરોગેજને હેરિટેજનો દરજ્જો, રેલ્વે અંડરપાસ, ઓવરબ્રીજો, સ્ટેશન પર સુવિધાઓ જેવા પ્રશ્ને રજુઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડ સંસદીય મતવિસ્તારના સાંસદ તેમજ લોકસભા વ્હીપ શ્રી ધવલભાઈ પટેલે વિસ્તારના રેલ મુસાફરો, દૈનિક અપડાઉન કરતા નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને ઔદ્યોગિક એકમોની સુવિધામાં વધારો કરવાના ઉદેશથી પશ્ચિમ રેલવેના ઉચ્ચ અધિકારીઓ (ચર્ચગેટ) સમક્ષ મહત્વપૂર્ણ મુદ્દાઓ સાથે વિસ્તૃત અને સચોટ રજૂઆત કરી તાકીદે હકારાત્મક નિર્ણય લેવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો આ મુદ્દાઓમાં વલસાડથી પનવેલ સુધીની નવી ટ્રેન, દહાણુ-મુંબઈ લોકલને વાપી સુધી લંબાવવી સહિત વલસાડથી ભુજ, ઉત્તર ગુજરાત તેમજ રાજસ્થાન તરફ જતી નવી ટ્રેનો શરૂ કરવી, વલસાડ-પાલીતાણા વિશેષ ટ્રેન તથા વલસાડમાં ૩ રેલ્વે ઓવરબ્રિજ છીપવાડ, મોગરાવાડી અને ગુંદલાવ ખાતે અગ્રતાના ધોરણે મંજૂર કરવા, ડુંગરી અને ઉદવાડામાં અંડરપાસ,

દહેલી ફાટક (ગેટ નં. ૭૨) ભીલાડ નજીક દાહેલી અંડરપાસમાં ડ્રેનેજ વ્યવસ્થા સહિત વિવિધ સ્ટેશનો પર મુસાફરોની સુવિધા, મહિલા સુરક્ષા માટે ખાસ કોચ, ઉમરગામ-ભીલાડ સ્ટેશને પ્લેટફોર્મ પર લિફ્ટ, પ્લેટફોર્મ નં. ૧ની લંબાવવી તથા પ્લેટફોર્મ નં. ૨ પર ઉત્તરનો શેડ લંબાવી ફૂટ અંડરપાસ બનાવવો, વલસાડને 'અમૃત સ્ટેશન' તરીકે વિકસાવવું, ઐતિહાસિક બીલીમોરા-વઘઈ નેરોગેજ ટ્રેનને હેરિટેજ ટ્રેન તરીકે દરજ્જો અને આહવાનું રેલવે રિઝર્વેશન કાઉન્ટર પુનઃ શરૂ કરવા જેવી રજુઆતો ઉપરાંત તથા વિવિધ ટ્રેનોને જેમ કે વલસાડ બાંદ્રા-મહુવા એક્સપ્રેસ, ઉમરગામેં સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ, અને અવધ એક્સપ્રેસ, સંજાણ ગુજરાત એક્સપ્રેસ અને દહાણુ રોડ-વડોદરા ઈન્ટરસિટી, ભીલાડ સુરત-બાંદ્રા ઈન્ટરસિટી અને રાણકપુર એક્સપ્રેસને જરુર મુજબ સ્ટોપેજ તથા વલસાડ સ્ટેશને શતાબ્દી અને મુંબઈ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસના સ્ટોપેજની ભલામણ જેવા પ્રશ્નો અને જરુરીયાતો રજુ કરી હતી. તેમણે પશ્ચિમ રેલ્વે વલસાડ વિસ્તારની રેલ્વે સંબંધી આ જરુરીયાતો પર સત્વરે ધ્યાન આપશે અને હકારાત્મક નિર્ણય કરશે એવી આશા વ્યકત કરી હતી.

**ભરતી કરવાની છે**

**વાપી - છરવાડા ખાતે આવેલ ભારતી બા વિલા રીસોર્ટ માટે નીચે મુજબની ભરતી કરવાની છે.**

**(૧) ડ્રાઈવર - ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવી**
**(૨) મેઈન્ટેનન્સ ફીટર - સુપરવાઈઝર**
**(૩) લાઇઝનીંગ વર્ક કરે એવો માણસ જોઈએ છે**
**(૪) સારા શસક્ત વોચમેનોની ભરતી છે**

**Contact - 9879463248/8140977999**

## વાપી જે ટાઈપ રોડ ફરી ૧૧ ઓક્ટો. સુધી બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપીમાં જે ટાઈપ રેલ્વે ઓવર બ્રિજના કામ અર્થે અગાઉ ૨૭ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધી મેગા બ્લોક અપાતા આ રોડ ૭ દિવસ સુધી બંધ રાખવામાં આવ્યો હતો જે દરમિયાન રેલ્વે લાઈન પર ગર્ડર ઊભા કરવાનું ૫૦ ટકા કામ પૂર્ણ કર્યું હતું.

હવે ફરી જે ટાઈપ મોટા નાળા થી જીઆઈડીસી જે ટાઈપને જોડતો આ રોડ ૭ થી ૧૧ ઓક્ટોબર સુધી ૫ દિવસ માટે બંધ કરાયો છે. આ દરમિયાન બ્રિજ માટેનું બાકી કામ પૂર્ણ કરવામાં આવશે તેવી શક્યતા છે.

## દમણના સરલ પ્રજાપતિની ગુજરાત રણજીમાં પસંદગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૯ :** BCCI દ્વારા આયોજિત ઓલ ઈન્ડિયા ચાર દિવસીય રણજી ટ્રોફી ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ શરૂ થવાની છે, અને દમણના ડાબા હાથના સ્પિન બોલર સરલ પ્રજાપતિ ગુજરાત ટીમ માટે પોતાની તાકાતનું પ્રદર્શન કરતા જોવા મળશે. ગુજરાત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ઓડિશા સામે પોતાની પહેલી મેચ રમશે. સરલના કોચ ભાગુ પટેલે સરલની પસંદગી પર ખુશી વ્યક્ત કરતા કહ્યું કે સરલ ખૂબ જ પ્રતિભાશાળી ક્રિકેટર છે જેણે ગુજરાત માટે અંડર-૧૪, ૧૬, ૧૯, ૨૩ અને ૨૫ સહિત તમામ વય જૂથોમાં રમતી વખતે બેટ અને બોલ બંનેથી અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. ક્રિકેટ કોચ ભાગુ પટેલે વધુમાં જણાવ્યું હતું કે તેમણે સરલને ક્રિકેટના તમામ યુક્તિઓ ખૂબ જ કાળજીપૂર્વક શીખવી છે, અને તેમણે ઘણી મહેનત કરી છે, જેના પરિણામે ગુજરાત રણજી ટ્રોફી માટે સરલની પસંદગી થઈ, જે દમણ જેવા નાના રાજ્ય માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. ક્રિકેટ કોચ ભાગુ પટેલે તેમના નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે, મને સરલ પર સંપૂર્ણ વિશ્વાસ છે કે તે ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા તેમના પર મૂકવામાં આવેલા વિશ્વાસ પર ખરા ઉતરશે અને ગુજરાત ટીમને વિજય તરફ દોરી જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સરલની પસંદગીથી સરલના પરિવાર, તેમના ચાહકો અને દમણના તમામ ક્રિકેટ પ્રેમીઓમાં ખુશીનો માહોલ છે.

## આજે ડુંગરામાં સર્વપિતૃ અમાસનું શ્રાદ્ધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપીના ડુંગરા ખાતે આવેલા સંત શ્રી આશારામજી બાપુના ગુરુકુલ આશ્રમમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ સર્વ પિતૃ અમાસ નિમિત્તે સામૂહિક શ્રાદ્ધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમઆજે શનિવાર, તા. ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૭ વાગ્યાથી શરૂ થશે.પિતૃઓના તર્પણ અને શ્રાદ્ધવિધિનું ધાર્મિક મહત્ત્વ ધ્યાનમાં રાખીને આશ્રમ દ્વારા આ સામૂહિક શ્રાદ્ધનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શ્રાદ્ધવિધિ કરવા માટે આવનાર તમામ શ્રદ્ધાળુઓને જરૂરી પૂજન સામગ્રી તેમજ ભોજન સામગ્રી આશ્રમ તરફથી જ પૂરી પાડવામાં આવશે. જેથી શ્રદ્ધાળુઓને શ્રાદ્ધવિધિ કરવામાં સરળતા રહે અને તેઓ ધાર્મિક પરંપરા મુજબ પોતાના પિતૃઓનું શ્રાદ્ધ કરી શકે. સમગ્ર કાર્યક્રમની તૈયારીઓ ડુંગરા ગુરુકુલ આશ્રમના સંચાલકો અને સાધકો દ્વારા કરવામાં આવી રહી છે. સર્વ પિતૃ અમાસના પવિત્ર અવસરે યોજાનારા આ સામૂહિક શ્રાદ્ધ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લે તેવી અપેક્ષા છે.

## વલસાડમાં ૪ કેબિનોનું દબાણ હટાવાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડના બેચર રોડ પર જાહેર અવરજવર માટે અડચણરૂપ બનેલી લોખંડના પતરાવાળી ૩ જેટલી કેબિનો પર જેસીબી ફેરવી દેવામાં આવ્યું હતું. જેમાં સેલૂન તેમજ વેલ્ડિંગ કામકાજ ચલાવતી કેબિન તેમજ કલ્યાણબાગ સામે આવેલી વિનોદ વોચ નામની ઘડિયાળ રિપેરિંગની કેબિન પાલિકાના તંત્ર દ્વારા જમીનદોસ્ત કરવામાં આવી હતી.

વલસાડ શહેરમાં જાહેર માર્ગો પર વધી રહેલા ગેરકાયદે દબાણો સામે પાલિકા તંત્રે લાલ આંખ કરી



છે. વલસાડના બેચર રોડ પર જાહેર અવરજવર માટે અડચણરૂપ બનેલી લોખંડના પતરાવાળી ૩ જેટલી કેબિનો પર જેસીબી થી સેલૂન તેમજ વેલ્ડિંગ કામકાજ ચલાવતી કેબિન તેમજ કલ્યાણબાગ સામે આવેલી વિનોદ વોચ નામની ઘડિયાળ રિપેરિંગની કેબિન પણ પાલિકાના તંત્ર દ્વારા જમીનદોસ્ત કરવામાં આવી હતી.

નગરપાલિકાની ટીમ સવારે ચુસ્ત પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી હતી અને કોઈપણ અનિચ્છનીય ઘટના કે વિરોધ વગર ચારેય ગેરકાયદેસર કેબિનોનું ડિમોલિશન સફળતાપૂર્વક પૂરું કર્યું હતું. ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રાખવા અને જાહેર જગ્યાઓ પરથી અનધિકૃત દબાણો દૂર કરવા માટે પાલિકા દ્વારા આગામી દિવસોમાં પણ આ પ્રકારની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેવા સંકેત આપવામાં આવ્યા છે.









# શિવ મંદિર - લારીયાર, પુલવામા



*“દરેક મંદિરની પોતાની એક કથા હોય છે. દરેક ગામની પોતાની એક સ્મૃતિ હોય છે. આવો, આ સ્મૃતિઓ વિસરાઈ જાય તે પહેલાં તેમને નોંધીએ.”*

પુલવામા જિલ્લાના ત્રાલ તહસીલના દાદસરા બ્લોકમાં આવેલું લારીયાર એવું ગામ છે, જ્યાં પેઢીઓથી હિંદુ અને મુસ્લિમ લોકો સાથે રહેતા આવ્યા છે. ગામમાં આવેલું એક પ્રાચીન શિવ મંદિર આજે પણ આ વિસ્તારના કાશ્મીરી પંડિત વારસાની એક મહત્વપૂર્ણ સ્મૃતિ તરીકે ઊભું છે.

દરેક શિવલિંગ, દરેક મંદિર અને દરેક પ્રાચીન દેવસ્થાન પાછળ એક કથા હોય છે. કેટલીક કથાઓ પુસ્તકોમાં મળે છે, જ્યારે અનેક કથાઓ સ્થાનિક લોકોની સ્મૃતિઓ અને મૌખિક પરંપરાઓમાં પેઢી દર પેઢી જીવંત રહે છે. લારીયારનું આ શિવ મંદિર પણ આવી જ એક કથા ધરાવે છે રસ્તા પરથી બાજુમાં આવેલા નાનું મંદિર છે.. હું સ્થાનિક લોકોની સાથે નજીકમાં હજુ પણ એક કાશ્મીરી પંડિત પરિવાર રહે છે અને ત્યાં તેઓનું નાનું ઘર પણ છે. પંડિતો કોઈ પણ અજનબી અતિથિઓને પણ ખૂબ આત્મીયતાથી પોતાના પૂર્વજોના ઘરે આવવા આમંત્રણ અવશ્ય આપે છે. કાશ્મીરની મહેમાનનવાજી આખા વિશ્વમાં પ્રખ્યાત છે. અહીં પરંપરાગત કાશ્મીરી શૈલીમાં બનેલી શ્રી શામલાલ રૈના જીની જૂની લાકડાની દુકાન પણ અસ્તિત્વમાં છે . પરંતુ સૌથી વધુ મહત્વની છે, ઘરના પરંપરાગત



પ્રાર્થના કક્ષ સમાન ઠોકુર કુઠ.

જૂનું લાકડાનું બાંધકામ, ઓરડાની સુગંધ અને તેની શાંત આધ્યાત્મિક વાતાવરણએ તરત જ પરંપરાગત કાશ્મીરી ઘરોની યાદ અપાવી. ઓરડાની દીવાલો પર કાશ્મીર સાથે જોડાયેલા સંતો અને આધ્યાત્મિક મહાનુભાવોના જૂના ફોટોગ્રાફસ લાગેલા હતાં. તેમાં સ્વામી અફતાબ રામ જી, અનંતનાગના સ્વામી રામ જી અને ‘બૂબ રાજ જી (સ્વામી હેમ રાજ જી)ના ફોટોગ્રાફસ હતા. એક ફોટોગ્રાફે મારું ખાસ ધ્યાન ખેંચ્યું. તેમાં સ્વામી રામ જી સાથે પરિવાર સાથે આધ્યાત્મિક રીતે જોડાયેલા મહાનુભાવ શ્રી નેલકંઠ રૈના જી, જે શ્રી પંડિત સૂરજ રામ જીના પુત્ર હતા, બંને એક જ ફ્રેમમાં જોવા મળતા હતા.

**ઘરમાં સચવાયેલી પવિત્ર વસ્તુઓ**

ઠોકુર કુઠમાં માત્ર ફોટોગ્રાફસ જ નહીં, પરંતુ પરિવાર દ્વારા ખૂબ જ કાળજીપૂર્વક સાચવી રાખવામાં આવેલી કેટલીક પવિત્ર વસ્તુઓ પણ છે.આ વસ્તુઓમાં સૌથી રહસ્યમય વસ્તુઓમાંથી એક છે સ્વામી અફતાબ રામ જીના ખ્રાવ, એટલે કે લાકડાના પાદુકા. પરિવારની પરંપરા અનુસાર, આ ખ્રાવમાં ઉપચાર કરવાની શક્તિ હોવાનું માનવામાં આવે છે. જ્યારે પરિવારનો કોઈ સભ્ય ગંભીર રીતે બીમાર પડે ત્યારે



આ લાકડાના ખ્રાવને પાણીથી ધોઈ, તે પાણી બીમાર વ્યક્તિને પીવડાવવામાં આવે છે. આ પ્રથા પરિવારની આસ્થા અને મૌખિક પરંપરાનો એક ભાગ છે અને પેઢીઓથી આગળ વધતી આવી છે. પરિવારના દાદા શ્રી નેલકંઠ જીને પણ એક આધ્યાત્મિક રીતે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત વ્યક્તિ તરીકે યાદ કરવામાં આવે છે. પરિવારની માન્યતા અનુસાર, તેઓ ઊંડા ધ્યાનમાં હોય ત્યારે એવી આધ્યાત્મિક અવસ્થામાં પહોંચી જતા કે તેમનું શરીર જમીનથી કેટલાંક ફૂટ ઉપર ઊઠી જતું હોવાનું માનવામાં આવતું હતું. પરિવારે તેમની કેટલીક અંગત વસ્તુઓ પણ સાચવી રાખી છે, જેમાં તેમની ચટાઈ અથવા ચેંગિઝ આસન, સદિર (પરંપરાગત અડધી કોટ) અને દસ્તાર (માથાનું પરંપરાગત આવરણ)નો સમાવેશ થાય છે.

**શ્રી નેલકંઠ જી સાથે જોડાયેલી બીજી એક કથા**

શ્રી નેલકંઠ જીના જીવનના અંતિમ દિવસો સાથે જોડાયેલી બીજી એક કથા પણ પરિવારની સ્મૃતિમાં જીવંત છે. વૃદ્ધાવસ્થામાં શ્રી નેલકંઠ જી ગંભીર રીતે બીમાર પડ્યા. એ સમય એવો હતો જ્યારે ટેલિફોન કે ઝડપથી સમાચાર પહોંચાડવાના અન્ય કોઈ સાધનો ઉપલબ્ધ નહોતા. પરંતુ કોઈ રીતે સ્વામી હેમ રાજ જી, જેઓ તે સમયે ફ્રેવમાં રોકાયેલા હતા,



તેમને જાણ થઇ ગઇ કે નેલકંઠ જી જીવનના અંતિમ તબક્કામાં છે. બીજા દિવસે પરિવારના બધા સભ્યો ખેતરમાં ડાંગરના છોડ રોપવામાં વ્યસ્ત હતા. ત્યારે સ્વામી હેમ રાજ જીને અમારા ઘર તરફ આવતા જોયા.

તેઓ અમારી નજીક પહોંચ્યા અને પૂછ્યું

તૈથા છા બીમાર?

અર્થાત્, દાદા બીમાર છે?



## ચસ્મે બદૂર કશ્મીર


ડો. રાધિકા ટીક્કુ, વલસાડ


અમે આ? ચંચકિત થઈ ગયા. આટલી ઝડપથી તેમને આ સમાચાર કેવી રીતે મળ્યા હશે તેની કોઈ સમજ નહોતી. સ્વામી હેમ રાજ જી તે રાત્રે અમારા કૈનીમાં રોકાયા. રાત્રે તેમણે જણાવ્યું કે તેમણે વારંવાર કમલા ભગવતીને પ્રાર્થના કરી હતી કે નેલકંઠ જીનું જીવન બચાવી લે. પરંતુ દેવી તરફથી તેમને એવો સંદેશ મળ્યો કે નેલકંઠ જીનો સમય પૂર્ણ થઈ ગયો છે અને હવે તેમણે આ દુનિયા છોડવાની છે.

બીજા દિવસે સવારે સ્વામી હેમ રાજ જી અમારા ઘરેથી નીકળી



ગયા. જતા પહેલાં તેમણે પરિવારને નેલકંઠ જીની સેવા અને સંભાળ ચાલુ રાખવા જણાવ્યું. ત્રણ દિવસ પછી શ્રી નેલકંઠ જીનું અવસાન થયું. પરંતુ પરિવારની સ્મૃતિમાં એક બીજી નોંધપાત્ર ઘટના પણ છે.

આ વસ્તુઓ અને કથાઓ બહારથી સામાન્ય લાગતી હોય શકે, પરંતુ પરિવાર માટે તે તેમના પૂર્વજો અને આધ્યાત્મિક પરંપરાઓ સાથે જોડાયેલી અમૂલ્ય કડીઓ છે.

સામાન્ય રીતે પંડિતો પોતાનું જૂનું ઘર તોડી નવું ઘર બનાવી શકતા હતા. પરંતુ તેમણે એવું ન કર્યું, કારણ કે આ પૂર્વજોના ઠોકુર કુઠ સાથે જોડાયેલી આધ્યાત્મિક અને ભાવનાત્મક કિંમત તેમના માટે ખૂબ મોટી છે.

**પોતાના વારસાને જીવંત રાખતો પરિવાર**

શ્રી ખાનાયા લાલ રૈના જીના પુત્ર કમલેશ જી આજે પણ પોતાના પૂર્વજોના ગામમાં રહે છે. પંડિતો પોતાના પરિવારની પરંપરામાં સચવાયેલી વંશાવળી પણ ખૂબ ભાવ અને ગૌરવ સાથે જાળવી રાખે છે. તેમના જણાવ્યા મુજબ વંશાવળી આ -માણે છે

**ખાનાયા લાલ રૈના ? નેલકંઠ રૈના ? સૂરજ રામ ? ગાશા જી ? ગોપાલ જી ? વિશ્વનાથ જી**

પરિવારની માન્યતા છે કે તેમના પૂર્વજો અગાઉના કોઈ સમયગાળામાં સ્થાનિક સ્થળાંતરના ભાગરૂપે રૈનાવારીથી લારીયાર આવ્યા હોઈ શકે છે. આ વાત તેમના પરંપરાગત ધાર્મિક સંબંધોમાં પણ પ્રતિબિંબિત થાય છે. તેમના કુલ ભૈરવ આનંદેશ્વર ભૈરવ જી છે, જ્યારે તેમની ઈષ્ટ દેવી એકિંગામની માતા શિવા ભગવતી છે. આવી પારિવારિક પરંપરાઓ કાશ્મીરના વિવિધ વિસ્તારો વચ્ચેના જૂના સંબંધો, પરિવારો અને પવિત્ર સ્થળોની જોડાણને સમજવાની એક રસપ્રદ ઝલક આપે છે. પેઢી દર પેઢી ચાલતી આવી મૌખિક પરંપરાઓ લારીયારના સાંસ્કૃતિક ઈતિહાસને સમજવા માટે ખૂબ મહત્વપૂર્ણ છે. જૂના ગામમાં જ રહેવાનો પંડિતનો નિર્ણય માત્ર તેમના પરિવાર પૂરતો મર્યાદિત નથી. અહીં રહીને તેઓ લારીયારમાં કાશ્મીરી પંડિત સમાજની હાજરી અને સ્મૃતિને જીવંત રાખે છે. સાથે સાથે, તેમણે જૂના શિવ મંદિરની જાળવણી અને અન્ય સામુદાયિક વારસાના રક્ષણની જવાબદારી પણ સ્વીકારી છે. જ્યાં અનેક જૂના ઘરો અને મંદિરો સમય સાથે નિર્જન થઈ ગયા છે, ત્યાં આવા પ્રયાસો વિશેષ મહત્વ ધરાવે છે.

**મંદિર અને શિવલિંગ**

પરિવારની પરંપરા અને સ્થાનિક મૌખિક વર્ણનો અનુસાર, લારીયારમાં હાલનું શિવ મંદિર ૧૯૭૩માં સ્થાપિત થયું હતું. હાલનું મંદિર બન્યું તે પહેલાં આ સ્થળે બે પ્રાચીન પથ્થરની મૂર્તિઓ ખુલ્લામાં પૂજાતી હતી. પરંતુ જ્યારે નવું મંદિર બનાવવામાં આવ્યું ત્યારે મંદિરમાં શિવલિંગ નહોતું. હાલનું શિવલિંગ લારીયારમાં કેવી રીતે આવ્યું તેની કથા નજીકના નૂરપોરા ગામ અને વસ્તેરવનના જંગલો સાથે જોડાયેલી છે.

**મહાદેવનું સ્વપ્ન**

સ્થાનિક પરંપરા અનુસાર, નૂરપોરામાં રહેતા એક ધાર્મિક વ્યક્તિ વિષ્ણુ ભટ્ટ જીને એક વખત સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેમને સંકેત મળ્યો કે વસ્તેરવનના એક ચોક્કસ સ્થળે મહાદેવ શિવલિંગ સ્વરૂપે હાજર છે. તેમણે આ સ્વપ્ન ગામના વડીલો અને પૂજારીઓ સાથે વહેંચ્યું. ચર્ચા કર્યા પછી કેટલાક લોકો વસ્તેરવન ગયા અને સ્વપ્નમાં જણાવેલા સ્થળની શોધ શરૂ કરી. અંતે તેઓ તે સ્થળે પહોંચ્યા અને ત્યાં ખોદકામ શરૂ કર્યું. મૌખિક પરંપરા અનુસાર, જમીનની નીચે દટાયેલું એક શિવલિંગ ત્યાંથી મળી આવ્યું. સ્થાનિક કુંભાર દ્વારા આ શિવલિંગને વસ્તેરવનથી પાછું લાવવામાં આવ્યું હોવાનું કહેવાય છે. કથા અનુસાર, તેણે શિવલિંગને પોતાની પીઠ સાથે બાંધીને ગામ સુધી પહોંચાડ્યું. વસ્તેરવન પોતે પણ એક આધ્યાત્મિક રીતે મહત્વપૂર્ણ જંગલ વિસ્તાર માનવામાં આવે છે. સ્થાનિક પરંપરાઓ અનુસાર, ભૂતકાળમાં અનેક સંતો, સાધુઓ અને ઋષિઓએ અહીં તપસ્યા કરી હતી. આવા પવિત્ર સ્થળેથી પ્રાચીન શિવલિંગ મળી આવવાની કથા તેથી સ્થાનિક ધાર્મિક પરંપરાનો મહત્વપૂર્ણ ભાગ બની ગઈ. શિવલિંગને સૌપ્રથમ નૂરપોરાના મંદિરમાં લઈ જવામાં આવ્યું, જ્યાં પહેલેથી જ એક શિવલિંગ સ્થાપિત હતું.

**નૂરપોરાથી લારીયાર સુધી**

આ તબક્કે આ કથા કમલેશ જીના પરિવાર સાથે જોડાય છે. તેમની દાદી શ્રીમતી લીલાવતી જી મૂળ નૂરપોરાના વતની હતાં. નૂરપોરાને અગાઉ ગેરુ તરીકે ઓળખવામાં આવતું હોવાનું પરિવારની પરંપરામાં કહેવાય છે. લારીયારના લોકોએ લેલાવતી જીનો સંપર્ક કર્યો અને તેમને નૂરપોરાના લોકો સાથે વાત કરવા વિનંતી કરી. તેઓ ઈચ્છતા હતા કે નવું મળી આવેલું શિવલિંગ લારીયારના મંદિરમાં લાવવામાં આવે. લીલાવતી જીએ નૂરપોરાના લોકો સાથે વાત કરી અને તેમણે આનંદપૂર્વક સંમતિ આપી. તેમના ભાઈ શંકર નાથ જી શિવલિંગને નૂરપોરાથી લારીયાર સુધી ટાંગા (ઘોડાગાડી)માં પરંપરાગત ઉત્સવ અને શ્રદ્ધા સાથે લઈને આવ્યા. ત્યારબાદ તેને લારીયારના મંદિરમાં સ્થાપિત કરવામાં આવ્યું, જ્યાં આજે પણ તેની પૂજા થાય છે. આ રીતે આજે લારીયારના મંદિરમાં સ્થાપિત શિવલિંગની કથા વસ્તેરવન, નૂરપોરા અને લારીયાર—આ ત્રણ સ્થળોને એકબીજા સાથે જોડે છે.

**વસ્તેરવન - એક પવિત્ર ભૂદૃશ્ય**

લારીયાર મંદિરની કથા વસ્તેરવનના વિશાળ પવિત્ર ભૂદૃશ્યથી અલગ કરી શકાય તેમ નથી. વસ્તેરવનના ગાઢ જંગલની અંદર એક જૂના ચિનારના વૃક્ષ નીચે એક પરંપરાગત ઝરણું આવેલું છે, જેને કમલા દેવીનું અસ્થાપન માનવામાં આવે છે.

સ્થાનિક માન્યતા અનુસાર આ સ્થળ કમલા દેવી સાથે જોડાયેલું પવિત્ર સ્થાન છે. કમલા કાહના પ્રસંગે આસપાસના ગામોમાંથી કાશ્મીરી પંડિત સમાજના લોકો અહીં આવીને પૂજા-અર્ચના કરે છે. વસ્તેરવન સાથે અન્ય અનેક પવિત્ર સ્થળો પણ જોડાયેલા છે. અહીં સાત ઝરણાંનું એક સ્થળ છે, જેને સ્થાનિક ભાષામાં સત પોખરેન કહેવામાં આવે છે. તેની નીચે કમલા નાગ આવેલો છે. આસપાસનો પર્વતીય વિસ્તાર પિંગલિશની પિંગલા દેવી, મંડોરા, ત્રાલના મંડોદરી નાગ અને નારાયણ નાગ (ઝરણાં)સાથે પણ જોડાયેલો છે. આ તમામ સ્થળો મળીને એક વિશાળ પવિત્ર પરંપરાનો ભાગ બને છે, જેમાં ઝરણાં, પર્વતો, જંગલો, નાગસ્થળો, મંદિરો અને સ્થાનિક માન્યતાઓ એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. આ સ્થળોને જાણનારા લોકો માટે તે માત્ર ભૂગોળના સ્થળો નથી. દરેક સ્થળ પોતાની એક કથા, એક માન્યતા અને એક સ્મૃતિ ધરાવે છે.

**જે કંઈ બચ્યું છે તેનું સંરક્ષણ**

લારીયારની આ કથા સંરક્ષણની પણ કથા છે. પંડિતોએ ગામમાં સમાજના બચેલા વારસાને જાળવવા માટે નોંધપાત્ર પ્રયત્નો કર્યા છે. આ પ્રયત્નોમાંથી એક છે ગામના સામુદાયિક શ્મશાન ઘાટની નિશાની અને વાડબંધી, જે સ્થાનિક રીતે વાતલનાર તરીકે ઓળખાતા ઝરણા/પ્રવાહની બાજુમાં આવેલો છે. આવા પ્રયાસો મહત્વપૂર્ણ છે, કારણ કે વારસો માત્ર મોટા સ્મારકો કે પ્રસિદ્ધ મંદિરોમાં જ સચવાતો નથી. ક્યારેક વારસો એક જૂના લાકડાના ઘરમાં, નાના પ્રાર્થના કક્ષમાં, પ્રાચીન મૂર્તિમાં, શ્મશાન ભૂમિમાં, કોઈ પવિત્ર ઝરણામાં અથવા પરિવાર દ્વારા સાચવી રાખવામાં આવેલી લાકડાની ખ્રાવની એક જોડીમાં જીવંત રહે છે. જ્યારે આવી વસ્તુઓ અદૃશ્ય થઈ જાય છે, ત્યારે આપણે માત્ર ભૌતિક વસ્તુઓ જ ગુમાવતા નથી. આપણે તેમની સાથે જોડાયેલી કથાઓ અને સ્મૃતિઓ પણ ગુમાવી દઈએ છીએ.

**કાશ્મીરની એક જીવંત સ્મૃતિ**

લારીયારનું શિવ મંદિર તેથી માત્ર એક પૂજાસ્થળ નથી પણ પવિત્ર સંસ્કૃતિનો એક મોંઘો હિસ્સો છે. તે એક પ્રાચીન કાશ્મીરી પંડિત પરિવાર, પૂર્વજોના ઠોકુર કુઠ, આધ્યાત્મિક મહાનુભાવોની સ્મૃતિઓ, પરંપરાગત પવિત્ર વસ્તુઓ, પ્રાચીન શિવલિંગ, વસ્તેરવનના પવિત્ર જંગલો અને આસપાસના વિસ્તારમાં ફેલાયેલા ઝરણાં તથા નાગસ્થળોના વિશાળ નેટવર્ક સાથે જોડાયેલું છે. તેની કથા પારિવારિક સ્મૃતિને સામુદાયિક પરંપરા અને પવિત્ર ભૂગોળ સાથે જોડે છે. ખુલ્લામાં પૂજાતી બે પ્રાચીન પથ્થરની મૂર્તિઓથી લઈને ૧૯૭૩માં વર્તમાન મંદિરની સ્થાપના સુધી, વસ્તેરવનમાં માં શિવલિંગની શોધથી લઈને નૂરપોરા અને ત્યારબાદ લારીયાર સુધીની તેની યાત્રા સુધી—આ કથાનો દરેક ભાગ આ સ્થળના સાંસ્કૃતિક ઈતિહાસમાં એક નવું સ્તર ઉમેરે છે. કદાચ આ કથાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ એ છે કે તે આજે પણ જીવંત છે. સ્થાનિક લોકોની સ્મૃતિમાં જીવંત છે, પંડિતોના પૂર્વજોના ઘરની જૂની દિવાલોમાં જીવંત છે, ઠોકુર કુઠમાં જીવંત છે, પરિવાર દ્વારા સાચવી રાખવામાં આવેલી પવિત્ર વસ્તુઓમાં જીવંત છે અને તે મંદિરમાં જીવંત છે જ્યાં આજે પણ શિવલિંગની પૂજા કરવામાં આવે છે. આવી જ કથાઓને વિસરાઈ જાય તે પહેલાં નોંધવી જરૂરી છે. આ લખાણ લારીયારના શિવ મંદિર, લારીયાર તથા વસ્તેરવનના પવિત્ર ભૂદૃશ્યના ઈતિહાસ, લોકકથાઓ અને સાંસ્કૃતિક વારસાને દસ્તાવેજીકૃત કરવાનો એક પ્રયાસ છે.

પંડિત સમુદાય સ્મૃતિઓ અને જાણકારી ભેગી કરીને પોતાના અતુલ્ય વારસાને દસ્તાવેજોને વધુ સચોટ અને સંપૂર્ણ બનાવવામાં ભગીરથ પ્રયત્ન કરી રહ્યાં છે.

# ચપટી ભરી ભક્તિને ચણીયા ચોરી મોંઘા..!

ગરબાનું તો એવું છે ને બકા.....! માતાજીની કૃપા મળે કે ના મળે, પણ યુવાની પાછી મળતી હોય એવું ફિલ જરૂર થાય. બિલકુલ પાણીપુરી જેવું. મોઢામાં ફર્નીચર હોય કે ના હોય, પણ પાણીપુરી ખાવાની ચેષ્ટાને જેમ રોકી શકાતી નથી. એમ, ઢીંચણ ઓકે હોય કે ના હોય, ગરબાની હીંચ વાગે એટલે ડેમેજવાળા ટાંટિયા પણ ડોલવા માંડે. શોખ-શ્રદ્ધા અને ચટાકા ઉમર સામે ક્યારેય આડા ફાટતા નથી. ફાટે છે...? એને ઉમર સાથે કોઈ સ્નાન-સૂતકનો સંબંધ નહી. હાંક સુલેમાન ગાલ્લીની માફક તૂટી જ પડે...! જીવડા બહુત બુરી ચીજ હૈ બાબા....! જીવડો બધામાંથી મુક્ત થાય, પણ ‘ શોખ-શ્રદ્ધા અબે ચટાકા આ ત્રણ કુંડાળામાંથી તો ખુદ બ્રહ્મા પણ માણસને બહાર કાઢી ના શકે....! યાદ છે ને, ભગવાન શંકરને પણ એકવાર રાસ રમવાની ઈચ્છા થયેલી. પેલા ભજનમાં કહે છે ને કે, એક બાર યે ભોલે ભંડારી બન ગઈ બ્રીજકી નારી, ગોકુલમેં આ ગયે હો.....! એમ ટાંટિયા કાબુમાં હોય કે ના હોય, ગરબામાં કૂદી પડવાની ઈચ્છા રોકાય નહિ....! અંબે માતકી જય....! અત્યારે તો શું સાલો જીવવા જેવો જમાનો આવ્યો છે હંઅઅઅ..? આપણને છાશવારે એવું થાય કે, પૃથ્વી ઉપર થોડાંક મોડા ટીંચાયા હોત તો સારું થાત. આ તો સાલું એવું થયું ધરાઈને ફાલતુ ઝાપટ્યા પછી ટેસ્ટી વાનગી આવી...! એકવાર ઢેકારો આવ્યા પછી, સરસ મઝાનું મેનુ આવે એનો શું અર્થ...? નહિ ખવાય, ને નહિ જોવાય. આપણે તો મેનુ વાંચીને ઉભા જ થઈ જવાનું ને...? નાહકનો જોઈને જીવ જ બાળવાનો, ને મોઢેથી નિસાશો નાંખવાનો...! હે રામ....!!

પ્રત્યેક પેઢી ઠેંસ મારતી આવી છે કે, ‘ અમારા જમાનામાં તો આમ હતું, ને તેમ હતું. ‘ પણ લેટેસ્ટ ડોસાઓ તો એમ જ કહેશે, વાહ....ક્યા યુગ હૈ....? તારી ભલી થાય તારી. એ તો હાથની વાત નથી એટલે, નહિ તો પૃથ્વી ઉપર જ ટકી જાય....! ને સરકારનું પણ ઉપજે નહિ, નહિ તો એ પણ આંદોલન કરે તો ઉમરમાં ઘટાડો કરી આપે....! પણ એક વાત નક્કી કે, આજના ડોસાઓ એવું ક્યારેય નહિ કહે, કે ‘ અમારા જમાનામાં એમાં આજનો ‘ લેટેસ્ટ ડોસો ‘ તો હવે પછીને પેઢીને એવું ક્યારેય નહિ કહે, કે અમારા જમાનામાં કાંઈ નહિ હતું ....! ક્યાંથી કહે....? એ તો આપણે જ જાણીએ કે, એમની યુવાનીમાં તો બાથરૂમમાં સારું ડબલું પણ નહિ હતું. અને અત્યારની પેઢી જુઓ. એન્ડ્રોઈડ ડબલા લઈને કેવાં ટેસ્ટથી ‘ સેલ્ફી ‘ લે છે....? જો કે ‘ સેલ્ફી ‘





લેવા જેવા ડાચાં ના હોય એ બે નંબરની વાત છે....! હંઅઅઅ....તો આપણે વાત ગરબાની કરતાં હતાં. તંત્ર અને મંત્રનો જમાનો હવે ગયો. આ સમય હવે અત્ર-તત્ર અને સર્વત્રાનો છે. ચારેય બાજુ અર્વાચીનનો પવન એવા જોરથી ફૂંકાઈ છે કે, પ્રાચીન ગરબા તો હાંસિયામાં ફેંકાય ગયા...! પ્રાચીન ગરબાનો શું એક સમય હતો...? નો ભપકા, નો ચટકા અને નો ચટાકા....! હું ભલો, કે મારો ગરબો ભલો, અને ભલી મારી માતાજી....! બોલો અંબે માતકી જય....!નાલ્લું..મોટું ગરબો ગાવામાં એવું તલ્લીન થઈ જતું કે, ગરબો ગાતાં ગાતાં જો, પગમાં ધોતિયું ભેરવાય જાય તો પણ, ગરબામાં જ ધ્યાન રાખતાં, ધોતિયામાં નહિ...! ધોતિયું છૂટે તો છૂટવા દેતાં, પણ ગરબો નહિ છોડે....! આજે તો ક્ર ચપટી ભરી ભક્તિને ચણીયા ચોરી મોંઘા....! તારી ભલી થાય તારી ચમનીયા....!જો કે એનું એક કારણ છે. એ જમાનામાં પેલી ટીવી સિરિયલવાળી હાઈ ફાઈ સાસુઓ કે બીજી કોઈ ‘ સેલીબ્રેટી ‘ ને ગરબામાં તેડાં નહિ થતાં. મા ભવાની જ એક સેલીબ્રેટી. બધી માતાઓ જ ગરબો ખેલતી હોય, એવો માહોલ રહેતો. ગરબાઓના તો મલાજા રહેતાં બકા...! પહેલા તો માત્ર તાલીઓના તાલ પર જ ગરબા દોડતાં. હવે તો ટાંટિયાના ‘ સ્ટેપ‘ પર ગરબો દૌડે. ગરબાના છેડે, પેલો લોલ શબ્દ આવતો એ હવે ક્યાં સાંભળવા મળે છે....? આજે તો બીડી જલાઈ લે......કે ચીકની ચમેલી...! તારા કપાળમાં કાંદો ફોડું.....!

એ તો સારું છે કે, આજની ‘ સોલ્લીડ ‘ સાઉન્ડ સીસ્ટમવાળા સાઉન્ડ ઈફેક્ટ આપીને બધું સાચવી લેતા હોય, નહિ તો ગાનાર તો ઠીક ગવડાવનારને પણ ફીણ આવી જાય....! બાકી ગરબામાં આ ‘ લોલ ‘ શબ્દની ગોઠવણી બુદ્ધિવાળી હતી. એ ‘ લોલ ‘ શબ્દને લીધે, તો ગરબો ઝોક નહિ મારતો. જેમ પતંગને પુંછડું લગાવીએ, એમ, ગરબાને ‘ લોલ ‘ શબ્દ લગાવીએ તો જ ગરબો ચગતો. રમનારાને ઝનૂન આવી જતું. ગરબો રમનારને ખબર પડી જ જતી કે, ‘ લોલ ‘ શબ્દ આવે એટલે ટાંટિયો અને તાળી બને જોરથી ઠોકવાના....! દેશી તો દેશી પણ ખેલૈયાનો ધ્યેય એક જ, ગરબો ઝૂલ નહિ મારવો જોઈએ. ગાનારાઓ ગરબો ગાતા ગાતા ઊંઘી નહિ જવા જોઈએ. તારી ભલી થાય તારી ચમનીયા.....!

આજે તો તાલીઓના તાલ સાથે, અટપટા સ્ટેપ આવ્યા. એમાં પાકટ માણસનું તો પાણીચું થઈ જાય. જે ચાલવામાં જ માંડ ‘ સ્ટેપ ‘ મેળવતો હોય, એ ગરબાના ‘ સ્ટેપ ‘ ક્યાંથી મેળવે....? તેમ છતાં જો ગરબામાં ઘુસી ગયા, તો એવું ફિલ થાય કે જાણે ચાલીસનો ઢાંઢો પહેલા ધોરણમાં ભણવા નહિ દાખલ થયો હોય...? આજકાલ તો સ્ટેપ જ એવા અટપટા કે, ખુદ માતાજી પણ સ્ટેપ લેવા જાય, તો પરસેવો આવી જાય. જે સ્ટેપ આજના યુવાનો લે છે, એ આપણી વિકાસગાથા છે. ભલે આપણો બબરીકનો ગરબો ભુલાયો, ભક્ત શ્રવણનો ગરબો વિસરાયો, અને પેલો ભાઈ બહેનના હેતવાળો ગરબો પણ ખોવાયો, પણ લીલી લીમડી રે....કે પછી મોર બની થનગનાટ......ના ગીતમાં આ લોકો એવા ઝૂમે છે કે, પ્રાચીન ગરબાની યાદ પણ નથી આવવા દેતા..!

એક વાત છે, ભલે સમય સાથે બધું બદલાયું. પણ માતાજી નથી બદલાયા. માતાજી હજી આજે પણ નવના નવ જ છે....! શ્રદ્ધા આજે પણ પૂરબહારમાં તો છે ને....? ફેર એટલો કે મસ્તીવાળી શ્રદ્ધા છે....! જે ટાબેરીયું ને નવ સુધીના આંકડા નહિ આવડતાં હોય, પણ નવરાત્રીના નવ દિવસની તો એ રાહ જોઈને જ બેઠો હોય....! આ તો ચમક-દમકવાળા ખેલૈયા સાથે આપણે કમરક જેવા લાગીએ એટલે, બાકી આપણને તો એમ થાય, કે ચાલ... ગરબાનો એકાદ આંટો તો મારી જ આવું....! ભલે ને પગમાં પાંચ ફેકચર કેમ ના હોય....? ફેક્ચરવાળી ટાંગ ઊંચકીને પણ ગાઈ નાંખીએ કે, માડી તારા ઊંચા મંદિર ઊંચા મોલ કે, ટાંટિયા તૂટી ગયા રે લોલ......! તારા કપાળમાં કાંદો ફોડું....!

જો બકા....! આપણા સ્પેર પાર્ટસની કાળજી તો આપણે જ રાખવી પડે. શોખની પાછળ, આપણે તો આખ્ખેઆખ્ખું શરીર ન્યોચ્છાવર કરવા તૈયાર હોઈએ, પણ ઢીંચણ થોડા કાબુમાં રહે....? એને જો ખબર પડી કે, આ કાનુડો ઘરડે ઘડપણ પણ રાસ રમવા નીકળ્યો છે તો ખલ્લાસ....! એ બધાની સણક આંદોલન કરવા માંડે. પછી તો આખ્ખો ગરબો ઢીંચણ પકડીને જ પૂરો કરવાનો. ને ઢીંચણ પકડીને ગરબો ગાતા હોય, ત્યારે તો એવું જ લાગે કે, આપણે ગરબો ગાવા આવ્યા છે કે, ગરબામાં ભીખ માંગવા....? એઈઈઈઈ...કોઈ કંઈ આપતા જાવરે ભાઈ.....? આપણે એવાં જ લાગીએ કે, જાણે સિંહના ટોળામાં ‘ વાંદરું ‘ ના ઘૂસી ગયું હોય....? તારી ભલી થાય તારી ચમનીયા....!!

# યુવાનોના આદર્શઃ સ્વામી વિવેકાનંદ

ગતાંકથી શરુ)

શ્રેષ્ઠ ચારિત્ર્ય ઘડતર બાબતે સ્વામી જણાવે છે કે જો માણસ સદ્વિચારોનું સેવન કરે અને સારાં કર્મો કરશે તો તેના ફળસ્વરૂપે એના મનોજગતમાં સારા સંસ્કારો અંકિત થશે અને એ સુસંસ્કારો થકી જ એના હાથે સત્કર્મો થતા રહેશે. સારા સંસ્કારો થકી એ માણસનું સચારિત્ર્ય દૃઢ થાય છે. સ્વામીજીની આશા આવતીકાલના સુંદર ભવિષ્ય માટે ચારિત્ર્યવાન અને બુદ્ધિશાળી યુવાનો પર છે જેઓ સુસંસ્કાર થકી એક વિચાર માટે પોતાનું જીવન સમર્પિત કરીને પોતાનું અને રાષ્ટ્રનું ભલું કરી શકે નહીં. ચારિત્ર્યહીન યુવાનોનાં ટોળાંથી કંઈ થઈ શકે નહીં. એમનાં શરીર માંદલાં છે, એમનામાં હિંમત નથી, એમના હૃદયમાંથી શક્તિને હ્રાસ થયેલો છે અને આવી નિર્માલ્ય પ્રજા કંઈ કરી શકે નહીં અને તેથી જ સ્વામીજી કહે છે કે મને નચિકેતા જેવી દઢ નિષ્ઠાવાળા દસ-બાર યુવાનો મળી જાય તો હું આ દેશના વિચારો અને આચારોને નવો જ વળાંક આપી શકું. જો કોઈ યુવાન હંમેશા ખરાબ શબ્દો જ સાંભળે, ખરાબ વિચારો કર્યા કરે તો એના મનમાં ખરાબ સંસ્કારે એકઠા થતા રહેશે અને એના વિચારો અને કામ પર એ કુસંસ્કારો ખરાબ અસર કરશે, તેથી મિત્રો તમારું જીવન સંસ્કારોથી ભરી દેવું હોય તો સંસ્કારી માણસના સંપર્કમાં રહેજો, અને સારાં સારાં પ્રેરણાદાયી પુસ્તકોનો સંગ કરજો. સ્વામીજીના પુસ્તકો વાંચવાથી અદ્ભુત શકિત મળે છે. મહાત્મા ગાંધીજીએ પણ જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદજીના પુસ્તકો વાંચીને તેમનામાં હજારો ગણી દેશભકિત શક્તિ વધી ગઈ છે. સ્વામીજીના ગ્રંથોનો અભ્યાસ કરીને અદ્ભુત શક્તિ મેળવવા હું આપ સૌને અનુરોધ કરું છું.



## અભિવ્યક્તિ


ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ


સ્વામી વિવેકાનંદના શબ્દોમાં સંઘર્ષ એટલે જીવન અને સ્થગિતતા એટલે મુત્યુ છે. યુવાન મિત્રો, સંઘર્ષ વિનાનું જીવન નકામું છે. જીવનમાં સંઘર્ષ કર્યા વિના કંઈ પણ મળતું નથી. સૂતેલા સિંહને મોમા પણ પ્રયત્ન વિના ખોરાક આવતો નથી. જયારે તમે સ્થગિત થઈ જાવ છો ત્યારે તમે માનસિક રીતે મુત્યુ પામો છો. તળાવમાં કે ખાબોચિયામાં સ્થગિત થયેલું પાણી દુર્ગંધ ફેલાવે છે પરંતુ વહેતી નદીનું પાણી સ્વચ્છ-નિર્મળ રહે છે અને તેથી જ સતત પ્રયત્નશીલ રહીને રાષ્ટ્રનિર્માણના કાર્યમાં યથાયોગ્ય યોગદાન આપવું જોઈએ. સ્વામીજીના દરેકે દરેક ભાષણમાં દેશદાઝ દેખાય છે.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે ચાર દિવસ પહેલાં જ વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી પ્રસંગે યુવાનોને સંબોધતા જણાવ્યું કે ભારતનો પ્રત્યેક યુવાન યુનિક પીપલ યુનિક પર્સનાલીટી બનવા પુરુષાર્થ કરે. યુવાનોનું જયોતિર્મય માનસ દેશના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા સક્ષમ છે. ડૉ.કલામે યુવાનોને દઢ વિશ્વાસ, સદભાવ ભર્યું જીવન અને કઠોર પુરુષાર્થ થકી સફળતા હાંસલ થઈને જરહેશે એમ જણાવી આ માટે યુવાનોને સંકલ્પ કરવા અનુરોધ કર્યો હતો.

સ્વામીજી યુવાનોને ઉદ્દેશીને જણાવે છે કે તમો જે વિચારશો તે તમો ચોકકસ થશો જો તમે તમારી જાતને અશક્ત ગણશો તો તમે તેવા થશો. જો મજબૂત ગણશો તો મજબૂત થશો. યુવાની એ ખૂબ જ કિંમતી સમય છે. યુવાની એ ઉત્તમ સમય છે. તમે વર્તમાનમાં આ યુવાનીનો એટલે કે આ સમયનો ઉપયોગ કેવી રીતે કરોછો તેના પર ભવિષ્યના નિર્માણનો આધાર રહેલો છે. યુવાનોની સુખાકારી, યુવાનોની સફળતા યુવાનોનું સન્માન અને યુવાનોની નામના એ યુવાનો યુવાનીના વર્ષો કેવી રીતે જીવે છે તેના પર આધાર રહેલો છે માટે હે યુવાનો તમે પણ તમારા જીવનને, ચારિત્ર્યને, તમારી શારીરિક તંદુરસ્તીને, શક્તિઓને સમજપૂર્વકનું સ્વરૂપ યુવાનીમાં જ આપો. યુવાન દોસ્તો, મારે મારી વાતને વિરામ આપતાં એટલું જ જણાવવું છે કે ફક્ત ઓગણચાલીસ વર્ષના ખૂબ જ ટૂંકા આયુષ્યમાં આ વિશ્વમાનવે યુવાનોમાં એવી ચેતના જગાવી છે કે આજે એમના વિચારો એટલા જ પ્રસ્તુત છે. સ્વામી વિવેકાનંદજીના પ્રવચનો કે એમના વિશે લખાયેલું તમો વાંચશો તો તમે અનોખી અનુભૂતિ કરશો.

# બીલીમોરા એપીએમસીની ચૂંટણીમાં તમામ ૧૧ ઉમેદવારો બિનહરીફ વિજેતા



### ખેડૂત વર્ગની ૧૦ અને વેપારી વર્ગની એક બેઠક પર બિનહરીફ વરણી; વેપારી વર્ગની બાકીની ત્રણ બેઠકો માટે કોઈ ઉમેદવારી નહીં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૯ :** બીલીમોરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી)ની ચૂંટણીમાં ગત ટર્મના પ્રમુખ અને સહકારી અગ્રણી ગોવિંદભાઈ ટી. પટેલના નેતૃત્વમાં તેમની ટીમના તમામ ૧૧ ઉમેદવારો બિનહરીફ વિજેતા બનતાં સહકારી ક્ષેત્રમાં નવી સિદ્ધિ નોંધાઈ છે. ઉમેદવારીપત્રો પરત ખેંચવાની શુક્રવારની અંતિમ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ આ ચિત્ર સ્પષ્ટ થયું હતું. ગોવિંદભાઈ પટેલની સંગઠનશક્તિ, આગવી કોઠાસૂઝ અને વિવિધ વર્ગના અગ્રણીઓ સાથેના સંકલનને આ સફળતાનું મુખ્ય કારણ માનવામાં આવે છે. બીલીમોરા એપીએમસીની કુલ ૧૪ બેઠકો માટે ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. તેમાં ખેડૂત વર્ગની ૧૦ અને વેપારી વર્ગની ચાર બેઠકોનો સમાવેશ થાય છે. ગત ૫ ઓક્ટોબરે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શુક્રવારે ઉમેદવારી પાછી ખેંચવાના અંતિમ સમય પછી ગોવિંદભાઈ પટેલની ટીમના ૧૧ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતાં. જેમાં ખેડૂત વર્ગની તમામ ૧૦ બેઠકો પર ગોવિંદભાઈ ટી. પટેલ (કલીયારી), ઉમેશભાઈ બી. પટેલ (અંભેટા), મહેશભાઈ એલ. પટેલ (માણેકપોર), નિમેષ એસ. નાયક (કછોલી), રઘુભાઈ બી. પટેલ (દેવસર), કિશોરભાઈ ટી. પટેલ (ગણદેવી), મનુભાઈ બી. પટેલ (કેસલી), મનહરભાઈ કે. પટેલ (બીલીમોરા), નરેન્દ્રભાઈ એન. નાયક (ગડત) અને હિરેન કે. મહેતા (અજરાઈ) બિનહરીફ વિજેતા થયા હતા.જ્યારે વેપારી વર્ગની ચાર બેઠકો પૈકી ગણદેવી તાલુકા ખેડૂત સંઘના પ્રતિનિધિ ઠાકોરભાઈ ડી. પટેલ (નાંદરખા) એકમાત્ર ઉમેદવાર તરીકે બિનહરીફ વિજેતા થયા હતાં. આમ, કુલ ૧૪ બેઠકો પૈકી ૧૧ બેઠકો પર બિનહરીફ વરણી થઈ છે. આ પરિણામને પગલે વિવિધ સામાજિક, શૈક્ષણિક, રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ ગોવિંદભાઈ પટેલને અભિનંદન પાઠવી તેમની સંગઠનક્ષમતા અને કોઠાસૂઝને બિરદાવી હતી. સહકારી ક્ષેત્રમાં છેલ્લા ચાર દાયકાથી વિવિધ સહકારી મંડળીઓમાં મોભાના પદ ઉપર રહી વિકાસકાર્યોમાં યોગદાન આપતા ગોવિંદભાઈ પટેલે ચૂંટણી પૂર્વે વિવિધ સમાજના પ્રતિનિધિઓ અને અગ્રણીઓ સાથે બેઠકો યોજી હતી. પક્ષાપક્ષીથી દૂર રહી સૌને સાથે રાખવાના અભિગમ સાથે તેમણે ટીમને બિનહરીફ વિજેતા બનાવવામાં સફળતા મેળવી હતી. બીલીમોરા એપીએમસીમાં વેપારી વર્ગ માટે ચાર બેઠકો નિર્ધારિત હોવા છતાં માત્ર એક જ ઉમેદવારી નોંધાઈ હતી.

આ સ્થિતિ પાછળ વેપારી ઉમેદવારો માટેના લાયકાતના માપદંડમાં થયેલા ફેરફારો જવાબદાર હોવાનું જાણવા મળે છે. નવા નિયમો મુજબ ઉમેદવાર પાસે યુનિફાઈડ લાઈસન્સ અને જીએસટી નંબર હોવો જરૂરી છે. ઉપરાંત, છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સતત રૂા. ૫૦ હજારની માર્કેટ ફી ભરેલી હોવાની શરત પણ લાગુ પડે છે. બીજી તરફ, ફળ અને શાકભાજીના વેપારીઓને જીએસટીના દાયરામાંથી મુક્તિ આપવામાં આવી હોવાથી વેપારીઓ પાસે જીએસટી નંબર નથી. પરિણામે જરૂરી લાયકાત પૂર્ણ ન થવાને કારણે વેપારી વર્ગની બાકીની ત્રણ બેઠકો માટે ઉમેદવારો મળી શક્યા ન હોવાનું માનવામાં આવે છે.

# ડાંગની શાળાઓમાં પ્રાર્થના વેળા છાત્રોને સરળ યૌગિક ક્રિયાઓ કરાવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૯ :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યમાં યોગને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે યોગમય ગુજરાત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓને નિયમિત યોગાભ્યાસ સાથે જોડવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ગત ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થયેલી આ પ્રવૃત્તિઓને ડાંગ જિલ્લામાં જનઆંદોલનનું સ્વરૂપ આપવા માટે જિલ્લાની તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી શાળાઓને સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત શાળાઓમાં દૈનિક -ાર્થના અથવા મોર્નિંગ એસેમ્બલી દરમિયાન વિદ્યાર્થીઓ સરળ યોગાસન, પ્રાણાયામ અને યૌગિક ક્રિયાઓ કરી શકે તે માટે વિશેષ આયોજન કરાશે. જે શાળાઓમાં યોગ ટ્રેનર ઉપલબ્ધ ન હોય, ત્યાં નજીકના યોગ ટ્રેનર કે સંસ્થા સાથે સંકલન કરીને નિયમિત યોગ સત્રો યોજાશે. નિયમિત યોગથી વિદ્યાર્થીઓમાં શારીરિક તંદુરસ્તી, માનસિક એકાગ્રતા અને શિસ્તના ગુણો વિકસે છે. આ અભિયાન હેઠળ માત્ર વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ શિક્ષકો અને વાલીઓને પણ જોડીને "શાળાથી ઘર સુધી યોગનો સંદેશ જન-જન સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે, જેથી નાની ઉંમરથી જ બાળકોમાં "યોગ એ જીવનશૈલી છે તેવી ભાવના દ્રઢ થઈ શકે.

# આહવામાં ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**આહવા, તા.૮ :** માનનીય મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને જિલ્લાનાં -જાજનોની ફરિયાદો અને પ્રશ્નોના અસરકારક નિવારણ માટે તા.૨૧/૧૦/૨૦૨૬ના રોજ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ કલેક્ટરશ્રી ડાંગના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, ડાંગ-આહવાના સભાખંડ ખાતે બપોરે ૩:૩૦ કલાકે યોજાશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવ્યું છે કે, સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત પ્રશ્નો તા.૧૦/૧૦/૨૦૨૬ સુધીમા ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને માધ્યમથી સ્વીકારવામાં આવશે. અરજદારે પોતાની ફરિયાદ અથવા પ્રશ્ન સંબંધિત ખાતા/કચેરીને મોકલી તેની એક નકલ કલેક્ટર ડાંગને પાઠવવાની રહેશે. આ અખબારી યાદીમાં વધુમાં જણાવાયું છે કે, ન્યાયાલયમાં ચાલી રહેલા કેસ, મહેસૂલી કોર્ટ સંબંધિત મુદ્દાઓ, સબ-જ્યુડિશિયલ પ્રશ્નો તેમજ નોકરી સંબંધિત અરજીઓ આ કાર્યક્રમ હેઠળ વિચારણા માટે લેવામાં આવશે નહીં.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૦-૧૦-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** ભાદરવો વદ, અમાસ, **સૂર્યોદય :** ૦૬ : ૩૮ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૫, **ચંદ્રોદય** - ૦૬:૦૪ **ચંદ્રાસ્ત** - ૦૫:૫૮ **ચંદ્ર રાશિ :** કન્યા, **નક્ષત્ર** - હસ્ત

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** નોકરીમાં નવી જવાબદારી મળી શકે છે અને વેપારમાં ધીમે ધીમે પ્રગતિ થવાની શક્યતા છે.

**વૃષભ(બ.વ.ઉ) :** પૈસાની લેવડદેવડમાં સાવચેતી રાખવી. પરિવાર તરફથી સહકાર મળી શકે છે.

**મિથુન(ક.છ.ઘ) :** વેપારમાં નવી તક મળે તો તેના તમામ પાસાં તપાસીને આગળ વધવું. .

**કર્ક(ડ.હ) :** વેપારમાં કોઈ નવો નિર્ણય લેતા પહેલાં અનુભવી વ્યક્તિની સલાહ લેવી. ખર્ચ વધે નહીં તેનું ધ્યાન રાખવું. પરિવારના સભ્યોની જરૂરિયાતો સમજવાથી સંબંધો વધુ મજબૂત બનશે.

**સિંહ(મ.ટ.) :** પ્રેમજીવનમાં નાની બાબતોને મોટું સ્વરૂપ ન આપવું. બીજાની સલાહ સાંભળીને નિર્ણય લેશો તો લાભદાયક બની શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** નોકરીમાં અટકેલાં કામ આગળ વધી શકે છે અને વેપારમાં વ્યવસ્થિત આયોજનથી લાભ મેળવવાની તક મળી શકે છે.

**તુલા (ર.ત.) :** કાર્યસ્થળ પર સહકર્મીઓ સાથે મળીને કામ કરવાથી સારું પરિણામ મળી શકે છે. વેપારમાં નવા સંપર્કો ભવિષ્યમાં ઉપયોગી થઈ શકે છે.

**વૃશ્ચિક(ન.ય.) :** વેપારીઓએ પૈસાની લેવડદેવડ અને નવા રોકાણમાં ખાસ ધ્યાન રાખવું. પરિવારની કોઈ બાબતમાં તમારી મદદની જરૂર પડી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** ોકરીમાં નવી જવાબદારી અથવા નવી યોજના પર કામ કરવાની તક મળી શકે છે. વેપારમાં પ્રગતિ માટે યોગ્ય આયોજન કરવું.

**મકર(જ.ખ) :** પરિવારના વડીલોની સલાહ ઉપયોગી સાબિત થઈ શકે છે. જીવનસાથી સાથે સમય પસાર કરવો અને કામના તણાવને ઘર સુધી ન લાવવો. પૈસાની બચત પર ધ્યાન આપવું અને ઉધાર આપતાં પહેલાં વિચારવું.

**કુંભ(ગ.શ.સ.) :** વેપારીઓએ નવી તકનો લાભ લેતાં પહેલાં તેની યોગ્ય તપાસ કરવી.

**મીન(દ.ચ.ઝ.થ.) :** પરિવારના સભ્યો સાથે પ્રેમ અને સમજણથી વર્તવું. પ્રેમજીવનમાં લાગણીઓ વ્યક્ત કરવા માટે સારો સંવાદ રાખવો.

# વાંસદા પંથકમાં દીપડા અંગે જાગૃતિ માટે દ્રશ્યશ્રાવ્ય અભિયાન હાથ ધરાયું



**નવસારી, તા.૦૯ :** નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી દીપડા દેખાતા હોવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને માનવ અને વન્યપ્રાણી વચ્ચેના ઘર્ષણને અટકાવવા વન વિભાગ દ્વારા જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત વન વિભાગ દ્વારા ગામડાંઓ, શાળાઓ, દૂધ મંડળીઓ, ચાર રસ્તાઓ તેમજ લોકોની વધુ અવરજવર રહેતી જગ્યાઓ પર એલ.ઈ.ડી. સ્ક્રીનના માધ્યમથી જનજાગૃતિની કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમિયાન દીપડાની હાજરી જણાય ત્યારે રાખવાની સાવચેતી, વન્યપ્રાણીઓથી સુરક્ષિત રહેવાનાં પગલાં અને માનવ-વન્યપ્રાણી સંઘર્ષ ટાળવા અંગેના જરૂરી વિડિયો પ્રદર્શિત કરીને લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

વન વિભાગના આ પ્રયાસનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં વન્ય-ાણીઓ પ્રત્યે જાગૃતિ કેળવવાનો, અફવાઓથી દૂર રહી સાવચેતી રાખવા પ્રેરિત કરવાનો અને માનવ તથા વન્યપ્રાણી વચ્ચે સંઘર્ષની શક્યતાઓ ઘટાડવાનો છે.

વન વિભાગ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે, દીપડો દેખાય તો ગભરાયા વિના સુરક્ષિત અંતર જાળવવું, તેની નજીક જવાનો કે તેને ઉશ્કેરવાનો -યાસ ન કરવો અને તાત્કાલિક વન વિભાગને જાણ કરવી. વન્યપ્રાણીઓ પ્રત્યે સાવચેતી અને જવાબદારીભર્યું વર્તન રાખીને માનવજીવન તથા વન્યજીવો બંનેની સુરક્ષા જાળવવામાં સહયોગ આપવાનો અનુરોધ કરાયો છે.

# બીલીમોરાની જે.બી. પીટીટ લાઈબ્રેરીમાં 'ગાંધી જીવન' પર વ્યાખ્યાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૯ :** બીલીમોરા ખાતે ૨જી ઓક્ટોબર ગાંધી જયંતી નિમિત્તે ધી જે. બી. પીટીટ લાઈબ્રેરી હોલમાં 'ગાંધી જીવન' વિષય પર વિશિષ્ટ વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બીલીમોરા નગરપાલિકા પ્રમુખ મનીષ પટેલે સાંપ્રત સમયમાં ગાંધી મૂલ્યોના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો, જ્યારે ચીફ ઓફિસર સંદીપ પટેલે યુવાનોને ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઈ કારકિર્દી ઘડતર કરવા સૂચન કર્યું હતું. મુખ્ય



વક્તા તરીકે શ્રી રંગ મહાવિદ્યાલયના પ્રાધ્યાપિકા ડૉ. શીતલ વસાવાએ પ્રેમ, કરુણા, સત્ય અને અહિંસા જેવા ગાંધી વિચારોને જીવનમાં ઉતારી દેશનિર્માણમાં ગાંધી મૂલ્યોનું પ્રદાન સમજાવ્યું હતું. ટ્રસ્ટી ગોવિંદભાઈ, અપેક્ષા રાઠોડ સહિતના ટ્રસ્ટીગણના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ભરત છીમ્પીએ કર્યું હતું.

# દમણ રેડિયો

## 102.3 FM

### શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

# નવસારી પોલીસના પો.ઈન્સ. એમ.બી. ગાવિત-ટીમને બીજીવાર પ્રશંસા પત્ર મળ્યું



**નવસારી, તા. ૦૯ :** ગુજરાતના પોલીસ મહાનિદેશક પ્રમુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય-ગાંધીનગર તરફથી રાજ્યભરમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા પોલીસ ઈન્સ્પેક્ટર-તેમની ટીમને ખાસ પ્રશંસા પત્ર આપવામાં આવે છે.

જુલાઈ-૨૬ના ઈ-કોપ તરીકે મહેશ બી ગામીત પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેમના હેડ કોન્સ્ટેબલ લાલુ સિંહ, મનોજ સમાધાન અને કુલદીપ સિંહ બંને-પોલીસ કોન્સ્ટેબલ- એલસીબી - નવસારીની ટીમને જુલાઈ માસના ઈ-કોપ તરીકેનુ પ્રશંસાપત્ર પોલીસ મહાનિદેશક જ્ઞાનેન્દ્ર સિંહ મલિક ના હસ્તે સુ-ત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. એમ બી ગામીત પોસ.ઈન્સ.ની પ્રશંસનીય કામગીરી - ઈ ગુજકોપની આરોપી સર્ચ તથા ત્હ્થ્ઙ પોર્ટલની પોલીસ સર્ચ એપ્લીકેશનનો અને સી.સી.ટી.વી. કેમેરા, ઉપયોગ કરી આંગડીયા ચોરી, ઘરફોડ ચોરીના ગુનાના ૦૭ આરોપીની ધરપકડ કરી ગુજરાત તથા મહારાષ્ટ્ર રાજ્યના ૧૦ વણશોધાયેલ ગુના શોધી રૂા.૩૫,૧૨,૪૬૯/- નો મુદ્દામાલ જપ્ત કરવાની ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ તથા આધુનિક તકનીકના ઉપયોગથી ગુના શોધવાની ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરવા બદલ આ પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવે છે. હુકમ ક્રમાંક SB-44/SCRB/e-Cop/CC/5-1 તારીખ "૦૭/૧૦/૨૦૨૬ ગાંધીનગર સહી/- (જ્ઞાનેન્દ્ર સિંહ મલિક) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મહેશ ગામીત - પો. સબ ઈન્સ્પેક્ટરને જાન્યુઆરી - ૨૬માં પણ આ પ્રશંસાપત્ર ૧/૨૬ માસ માટે આપી સન્માનિત કરાયા હતા, આમ ગામીતને બે વખત પ્રશંસાપત્ર મળ્યા હતાં.

# આહવામાં 'સ્નેક રેસ્ક્યુઅર્સ મીટ' યોજાઈ

**આહવા, તા. ૦૯ :** વન્યપ્રાણી સપ્તાહ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત દક્ષિણ ડાંગ વન વિભાગ હેઠળની આહવા (પૂર્વ) રેન્જ ખાતે સ્નેક રેસ્ક્યુઅર્સ મીટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર ડાંગ જિલ્લામાં માનવ-વન્યજીવ સંઘર્ષ નિવારવા અને નિઃસ્વાર્થ ભાવે સર્પ બચાવવાની કામગીરી કરતા સ્નેક રેસ્ક્યુઅર્સ (સર્પમિત્રો)ને એક મંચ પર લાવી તેમની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાનો હતો. આ પ્રસંગે દક્ષિણ ડાંગ વન વિભાગના મદદનીશ વન સંરક્ષક જૈનીલ દેસાઈ, મદદનીશ વન સંરક્ષક અંકન બોહરા, આહવા (પૂર્વ) આર.એફ.ઓ. આરીફ ઠેબા, તથા આહવા એલ.સી.બી. પી.એસ. આઈ. જયદીપ અનડકટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ





દરમિયાન સર્પ બચાવની ઉત્કૃષ્ટ સેવાઓ આપતા સ્થાનિક રેસ્ક્યુઅર્સને સુરક્ષિત કામગીરી માટે સાપ પકડવાની આધુનિક કીટ અર્પણ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લો અદભુત અને વિશિષ્ટ પ્રાકૃતિક ધરોહર ધરાવતો વનવિસ્તાર છે. અહીં જોવા મળતી સરીસૃપની ઘણી પ્રજાતિઓ અત્યંત દુર્લભ છે, જે ગુજરાતના અન્ય વિસ્તારોમાં જોવા મળતી નથી. આ અણમોલ જૈવવિવિધતાને જાળવી રાખવા માટે વન વિભાગ અને સર્પમિત્રોના સહિયારા પ્રયાસોથી ગ્રામીણ વિસ્તારોમાં વ્યાપક લોકજાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત, જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં સેવા આપતા અન્ય સર્પમિત્રોનો સંપર્ક સાધી, આગામી સમયમાં સૌને સાંકળીને રેસ્ક્યુ કામગીરીને વધુ સક્ષમ, સલામત અને વૈજ્ઞાનિક ઢબે આગળ ધપાવવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો. આ કાર્યક્રમમાં આહવા પૂર્વ રેન્જનો ક્ષેત્રિય સ્ટાફ, ગ્રામ વન સુરક્ષા સમિતિના હોદ્દેદારો તેમજ વન વિભાગના રોજમદાર ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુડોકુ નં.૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 1 | | | 9 | 7 | 4 | | | 2 |
| 4 | 8 | | 1 | | 3 | | 5 | 7 |
| | | 4 | | 3 | | 7 | | |
| 6 | 2 | | | | | | 1 | 5 |
| | | 1 | | 9 | | 2 | | |
| 5 | 9 | | 3 | | 8 | | 7 | 1 |
| 2 | | | 7 | 1 | 5 | | | 8 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 3 | 5 | 8 | 7 | 6 | 1 | 2 |
| 5 | 7 | 6 | 1 | 3 | 2 | 4 | 8 | 9 |
| 2 | 1 | 8 | 6 | 4 | 9 | 7 | 5 | 3 |
| 1 | 8 | 4 | 2 | 9 | 3 | 5 | 6 | 7 |
| 3 | 6 | 9 | 4 | 7 | 5 | 8 | 2 | 1 |
| 7 | 5 | 2 | 8 | 1 | 6 | 9 | 3 | 4 |
| 4 | 2 | 7 | 3 | 6 | 8 | 1 | 9 | 5 |
| 6 | 3 | 1 | 9 | 5 | 4 | 2 | 7 | 8 |
| 8 | 9 | 5 | 7 | 2 | 1 | 3 | 4 | 6 |

# શામગહાનમાં જિ.પં. પૂર્વ બાંધકામ અધ્યક્ષ દ્વારા કપડાનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૯ :** ડાંગ જિલ્લામાં આદિવાસી સમાજનાં જરૂરિયાતમંદ વર્ગની સેવા અને મહિલાઓને મદદરૂપ થતા એવા ડાંગ જિલ્લા પંચાયતનાં બાંધકામ સમિતિના ૩ (ત્રણ) ટર્મના પૂર્વ અધ્યક્ષ ચંદરભાઈ ગાવિત દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે જીલ્લાના અંતરિયાળ ગામોમાં સાડી, ડાંગીસાડી અને ટી શર્ટ વિતરણનો સેવાકીય યજ્ઞનું આયોજન કર્યુ હતુ. ઉલેખનીય છે કે, ડાંગ જિલ્લાના જરૂરિયાતમંદ લોકોની હરહંમેશ મદદ અને સેવા કરવામાં આગળ રહેનારા પૂર્વ બાંધકામ અધ્યક્ષ ચંદરભાઈ ગાવિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ પોતાની યથાશક્તિ પ્રમાણે પોતાના સમાજના જરૂરિયાતમંદ લોકોને કપડા વિતરણ થકી મદદ કરી છે.લહાનબરડા, મોટાબરડા, સૂર્યાબરડા, દરાપાડા, ગુંદવહળ, મુરંબી, સુપદહાડ, નડગચોંડ, ઘોડવહળ, મોટામાળુંગા, લહાનમાળુંગા, બોંડારમાળ, માનમોડી, કાંચનપાડા અને નિંબારપાડા, હુંબાપાડા, ગામોમાં મહિલાઓને સાડી, વૃદ્ધ મહિલાઓને ડાંગી સાડી અને યુવકોને ટી શર્ટ આપ્યા. ગામે ગામે યોજાયેલા આ ભગીરથ કાર્યમાં ડાંગ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના વર્તમાન અધ્યક્ષ ચંદ્રકલાબેન નગીનભાઈ ગાવિત, વઘઈ તાલુકા પંચાયત ન્યાય સમિતિના અધ્યક્ષ દર્શનાબેન રાજેશભાઈ બહિરમ, માજી સરપંચ ગોવિંદ સૂર્યવંશી, ભારતીય જનતા પાર્ટી ડાંગના પૂર્વ મહામંત્રી દિનેશભાઈ ભોયે, મુરંબી ગામના મહિલા આગેવાન સોનીબેન તેમજ સ્થાનિક આગેવાનો, વડીલો, મહિલાઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# સિનેમાનો બુલંદ અવાજ શાંત

## અભિનયના શિખર અને ધરતીપુત્રોના સાથી નાના પાટેકર અનંતની વાટે

ભારતીય સિનેમાના દમદાર અને પ્રખર અભિનેતા નાના પાટેકરે ૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ દુનિયાને અલવિદા કહી દીધું છે. થિયેટરથી પોતાની સફર શરૂ કરી ૧૯૭૮માં 'ગમન' ફિલ્મથી બોલિવૂડમાં કદમ મૂકનાર આ મહાન કલાકારે પરિંદા, ક્રાંતિવીર, "તિરંગા, અબ તક છપ્પન અને મરાઠી કલાત્મક કૃતિ "નટસમ્રાટ જેવી ફિલ્મોમાં પોતાના બુલંદ અવાજ અને અજોડ અભિનયથી દર્શકોના દિલ પર રાજ કર્યું હતું. ગંભીર પાત્રોની સાથોસાથ "વેલકમ"માં ડોન ઉદય શેટ્ટી જેવો હાસ્ય-દ રોલ ભજવીને પણ તેમણે નવી પેઢીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. તેઓ હિન્દી સિનેમાના એકમાત્ર એવા કલાકાર હતા જેમને ફિલ્મફેરમાં



શ્રેષ્ઠ અભિનેતા, સહાયક અભિનેતા અને ખલનાયક એમ ત્રણેય શ્રેણીમાં સન્માન મળ્યું હોય. કલા જગતમાં તેમના અતુલ્ય પ્રદાન બદલ ભારત સરકારે તેમને ૩ વખત રાષ્ટ્રીય પુરસ્કાર અને પદ્મ શ્રી સન્માનથી નવાજ્યા હતા. રૂપેરી પડદાની ચમકદમકથી પર, નાના પાટેકર એક સચ્ચા દેશપ્રેમી અને ઉમદા સમાજસેવક હતાં. ફિલ્મ પ્રહાર દરમિયાન સખત સૈન્ય તાલીમ લઈને પ્રાદેશિક સેનામાં માનદ લેફટનન્ટ કર્નલ બનેલા નાનાજીએ ૧૯૯૯ના કારગિલ યુદ્ધ વખતે મોરચે જઈને જવાનોનું મનોબળ વધાર્યું હતું. કરોડોની સંપત્તિ હોવા છતાં સાદગીપૂર્ણ જીવન જીવતા આ વિરલ વ્યક્તિત્વે વર્ષ ૨૦૧૫માં નામ ફાઉન્ડેશન થકી મહારાષ્ટ્રના દુષ્કાળપીડિત ખેડૂતો અને ગરીબોના આંસુ લૂછવા પોતાની કમાણીનો મોટો હિસ્સો સમર્પિત કરી દીધો હતો. કલા, રાષ્ટ્રભાવના અને માનવતાના આ ત્રિવેણી સંગમ સમાન મહાન વિભૂતિને ભાવભીની અશ્રુપૂરિત શ્રદ્ધાંજલિ; તેમનો પ્રભાવશાળી અવાજ અને નિઃસ્વાર્થ કર્મ હંમેશાં લોકોના દિલમાં જીવંત રહેશે.અલવિદા .. નાના...

**-અશોક જોશી, બીલીમોરા**

# ગર્વથી છલકાતું મૃત્યુ કમાવવું છે!



મૃત્યુ પર મેરા વિશ્વાસ હૈ....

આ વાક્ય મારું નહીં પણ નાના પાટેકરનું છે.

નાના પાટેકરનું મૃત્યુ કઈ રીતે થયું, એ છોડી દઈએ. જાણે જીવનના નાટકનો પડદો પડી ગયો અને લોકોએ આંસુઓ વચ્ચે પણ તાળીઓના ગડગડાટ સાથે એમને વધાવી લીધા. પાણીમાં જેમ આંગળી નાખીએ અને જ ફરી એ જ માયાજાળમાં અટવાઈ જઈએ છીએ. આ રૂપ, રંગ, શરીર, મિલકત, બધું જ અહીંયાં મૂકીને જવાનું છે, તો પછી આટલો બધો મોહ અને અહંકાર શેના માટે? વિશ્વવિજેતા સિકંદર પણ જ્યારે ખાલી હાથે વિદાય થયો, ત્યારે આ દુનિયાની ભૌતિક સંપત્તિની વાસ્તવિકતા છતી થઈ ગઈ હતી.

આંગળી બહાર કાઢતાં જ એ જગ્યા તરત પુરાઈ જાય છે, બરાબર એ જ રીતે નાના પાટેકરે પોતાનું જીવન પૂર્ણ કરી મૃત્યુને આલિંગન આપ્યું. ૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ૭૫ વર્ષની વયે તેમની વિદાયથી એક શાનદાર યુગનો અંત આવ્યો.

મને ખબર છે મને ૧૨ મણ લાકડું જોઈશે. મેં ભેગું કરી રાખ્યું છે. એ મારી ફાઈનલ પ્રોપર્ટી છે. એની ભેગો હું જતો રહીશ. અને લાકડું સુક્કું છે. મને એમાં જ સળગાવજો. જો ભીનું લાકડું હશે, તો લોકોની આંખો બાળશે, અને મરતી વખતે ગેરસમજ થશે કે લોકો મારા માટે રડે છે.



**નોખી-અનોખી**

**- કિંજલ પંડ્યા, પારડી**

બોલિવૂડના આ દિગ્ગજ અભિનેતાના શબ્દો આજે જ્યારે વાસ્તવિકતા બની ગયા છે, ત્યારે ભલભલાની ભ્રમણાઓ તૂટી જાય છે. આ માત્ર કોઈ ઈન્ટરવ્યુનો ડાયલોગ નહોતો, પણ જીવનનું સૌથી સચોટ, નગ્ન અને કડવું સત્ય હતું. આપણે સૌ જાણીએ છીએ કે દરેક અંત નવી શરૂઆત લાવે છે, પરંતુ જ્યારે વાત આપણા પોતાના અંતની આવે છે, ત્યારે આપણે આ જ ફિલસૂફીને કેમ ભૂલી જઈએ છીએ?

આપણે એવા યુગમાં જીવીએ છીએ જ્યાં માણસ લોભ, લાલચ, દંભ અને - પંચની માયાજાળમાં એ રીતે ગૂંચવાયેલો છે જાણે તેને ઈચ્છામૃત્યુનું વરદાન મળ્યું હોય. મૃત્યુ શબ્દ કાને પડતાં જ મનમાં કશુંક અમંગળ થવાની ભીતિ જાગે છે. બધું અશુભ લાગવા માંડે છે. આમ છતાં, રાજા હોય કે રંક, ઋષિમુનિ હોય કે સ્વયં ભગવાન સાકાર રૂપે પૃથ્વી પર આવ્યા હોય, સમયનું ચક્ર સૌ માટે સમાન ફરે છે.

કોઈ અહીં અમરત્વનો કૂંપો પીને નથી આવ્યું. કાંડા પર ઘડિયાળ બાંધીને આપણે સમયને મુઠ્ઠીમાં કેદ કર્યાનો ભ્રમ પાળીએ છીએ, છતાં આપણે સમયની સાચી કિંમત અને એની પાછળ આવતા અફર મૃત્યુને ઓળખવામાં થાપ ખાઈ જઈએ છીએ.

જ્યારે કોઈ સ્વજન કે પરિચિત વ્યક્તિ મૃત્યુની બાહુપાશમાં હંમેશા માટે પોઢી જાય છે, ત્યારે સ્મશાનના એ થોડા કલાકો પૂરતો આપણને વૈરાગ્ય આવે છે. આપણે એકબીજાને દિલાસો આપીએ છીએ, ગીતા કે ગરુડ પુરાણના પાઠ કરાવીએ છીએ, પણ એ તેર દિવસ પૂરા થતાં

સાચો પ્રશ્ન એ છે કે, આપણને કેવું મૃત્યુ જોઈએ છે? સમાજમાં બે પ્રકારના લોકો હોય છે એક જેઓ જિંદગીભર રિબાઈ રિબાઈને મરે છે અને બીજા જેઓ મોતમાં પણ જીતી જાય છે. પસંદગી આપણા હાથમાં છે. મૃત્યુને મહોત્સવ બનાવવો હોય તો જીવન એવું જીવવું પડે જ્યાં આપણા ગયા પછી પણ આપણે લોકો માટે ઉપયોગી નીવડીએ. જ્યારે કોઈની નનામી પાછળ માનવ મહેરામણ ઉમટે અને લોકોની આંખમાં દુઃખના નહીં પણ એ વ્યક્તિ સાથે વિતાવેલી સુંદર પળોના આનંદનાં આંસુ હોય, ત્યારે સમજવું કે એ જીવ મોક્ષ પામ્યો છે. સ્વર્ગ અને નર્ક માટે કોઈએ ઉપર આકાશ તરફ મીટ માંડવાની જરૂર નથી; એ બંને અહીં જ છે. આપણાં કર્મો જ નક્કી કરે છે કે આપણે શું પામીશું. મૃત્યુ પછી બધું જ સરખું થઈ જાય છે. જે નામ પાછળ આખી જિંદગી દોડ્યા હોઈએ, એ અસ્તિત્વ ગુમાવી દે છે અને શરીર માત્ર નનામી બનીને રહી જાય છે.

નનામી નીકળશે શણગારેલી,
ત્યારે એનું નામ કોને પૂછશો?
રડતું છતાં હસતું મહેરામણ ઉમટે,
એ ન-નામી મારી જ જાણશો!

?જ્યારે કાળનો પડદો પડવો નિશ્ચિત જ છે, ત્યારે મારે મારી જાતને બસ એક જ સવાલ પૂછવાનો છે... શું હું ખરેખર એવું જીવી રહ્યો છું કે જ્યારે મારા શ્વાસનો હિસાબ પૂરો થાય, ત્યારે મારી વિદાય માત્ર એક ઔપચારિક શોકસભા બનીને ન રહી જાય? મારે મારું મૃત્યુ કોઈના માટે અફસોસ કે કંપાવનારો ડર નથી બનાવવું. હું એવો અંત કમાવવા માંગુ છું જ્યાં લોકોની આંખમાં ભલે વિદાયનાં આંસુ હોય, પણ હૈયામાં મારા હોવાપણાની ઉજવણી હોય. જાણે કોઈ શાનદાર નાટક પૂરું થયા પછી પડતો અંતિમ પડદો અને પાછળ ગુંજી ઉઠતો એ જબરદસ્ત તાળીઓનો ગડગડાટ... મારે બસ, આવું જ એક સાર્થક અને ગર્વથી છલકાતું મૃત્યુ કમાવવું છે!

रहें ना रहें हम, महका करेंगे
बन के कली, बन के सबा, बाग़-ए-वफ़ा में
रहें ना रहें हम...

# નાના પાટેકર

## સંઘર્ષથી શિખર સુધીની સફર અને સંવેદનશીલ વ્યક્તિત્વ



ભારતીય સિનેમાની દુનિયામાં કેટલાક કલાકારો પોતાની લોકપ્રિયતાથી ઓળખાય છે, તો કેટલાક પોતાની આગવી અભિનયશૈલી અને વ્યક્તિત્વથી અમીટ છાપ છોડી જાય છે. નાના પાટેકર આવા જ એક કલાકાર છે. તેમના અવાજની ધાર, આંખોની અભિવ્યક્તિ અને સંવાદોની અસરકારક રજૂઆત તેમને અન્ય કલાકારોથી અલગ પાડે છે. તેમણે અભિનયને માત્ર મનોરંજનનું માધ્યમ નહીં, પરંતુ માનવીય લાગણીઓ અને સામાજિક વાસ્તવિકતાઓને વ્યક્ત કરવાનું સશક્ત સાધન બનાવ્યું છે.

**સંઘર્ષે ઘડેલું વ્યક્તિત્વ**

નાના પાટેકરનો જન્મ ૧ જાન્યુઆરી, ૧૯૫૧ના રોજ મહારાષ્ટ્રના મુરુડ-જંજીરા ખાતે થયો હતો. તેમનું મૂળ નામ વિશ્વનાથ પાટેકર છે. બાળપણથી જ તેમણે આર્થિક મુશ્કેલીઓ અને પારિવારિક પડકારોનો સામનો કર્યો. પિતાના અવસાન બાદ જીવનની જવાબદારીઓએ તેમને નાની ઉંમરે જ પરિપક્વ બનાવ્યા. આ સંઘર્ષોએ તેમના વ્યક્તિત્વને ઘડવામાં અને જીવનને વાસ્તવિક દૃષ્ટિથી સમજવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

તેમણે મુંબઈની જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં અભ્યાસ કર્યો. કળા પ્રત્યેના લગાવે તેમને રંગભૂમિ તરફ આકર્ષ્યા અને ત્યાંથી તેમની અભિનયયાત્રાનો પ્રારંભ થયો. શરૂઆતના પડકારો છતાં તેમણે પ્રતિભા, મહેનત અને આત્મવિશ્વાસના આધારે પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી.

**અભિનયમાં વાસ્તવિકતાનો સ્પર્શ**

નાના પાટેકરની વિશેષતા એ છે કે તેઓ પાત્રને માત્ર ભજવતા નથી, પરંતુ તેની લાગણીઓ, મનોસ્થિતિ અને આંતરિક સંઘર્ષને જીવંત બનાવે છે. પરિંદા, શક્તિ, પ્રહાર, ક્રાંતિવીર, અબ તક છપ્પન, વેલકમ ખામોશી અગ્નિસાક્ષી અને નટસમ્રાટ તો ખાલી નામ યાદ આવ્યા એટલું જ નહિ, પણ એમની દરેક ફિલ્મોમાં એમની ભૂમિકાએ દરેકના દિલ અને દિમાગ ઉપર ઊંડી છાપ છોડી છે. ફિલ્મોમાં તેમણે અભિનયનાં વિવિધ પરિમાણો સર કર્યાં છે.

ક્રાંતિવીરમાં અન્યાય સામેનો આક્રોશ હોય કે નટસમ્રાટ માં જીવનના ઉત્તરાર્ધે એકલતા અને ઉપેક્ષાનો સામનો કરતા કલાકારની વેદના—તેમની રજૂઆત દર્શકોને



**સતરંગી શમણાં**

**-નીતા પી. જાદવ, રાજકોટ**

ભાવનાત્મક રીતે સ્પર્શે છે. તેઓ ઊંચા અવાજે સંવાદ બોલીને જ નહીં, પરંતુ આંખોના ભાવ અને મૌન દ્વારા પણ પાત્રની ઊંડાઈ વ્યક્ત કરી શકે છે.

તેમની કળાને અનેક પ્રતિષ્ઠિત સન્માન મળ્યાં છે. તેમને પરિંદા અને અંગાર માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતાના તથા ક્રાંતિવીર માટે શ્રેષ્ઠ અભિનેતાના રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમને પદ્મશ્રી પુરસ્કાર પણ એનાયત થયો છે.

**પડદા બહારની સંવેદનશીલતા**

ફિલ્મી દુનિયાની ઝાકઝમાળ વચ્ચે નાના પાટેકરની સાદગી અને સ્પષ્ટવક્તા સ્વભાવ તેમને વિશિષ્ટ બનાવે છે. તેઓ માત્ર અભિનય પૂરતા સીમિત રહ્યા નથી, પરંતુ સામાજિક પ્રશ્નો પ્રત્યે પણ સંવેદનશીલ રહ્યા છે. ખાસ કરીને મહારાષ્ટ્રના દુષ્કાળગ્રસ્ત વિસ્તારો અને ખેડૂતોની મુશ્કેલીઓ પ્રત્યે તેમણે સહાનુભૂતિ દર્શાવી છે. ખેડૂતોને સહાય પહોંચાડવાના પ્રયાસોમાં તેમની ભૂમિકા તેમના સામાજિક અભિગમને ઉજાગર કરે છે. તેમના વ્યક્તિત્વનું મહત્ત્વ એમાં છે કે તેઓ સફળતાને જીવનનું અંતિમ લક્ષ્ય માનતા નથી. તેમના જીવન-વાસમાં સ્વાભિમાન, પરિશ્રમ અને સમાજ પ્રત્યેની જવાબદારીનો સમન્વય જોવા મળે છે.

**સફળતા કરતાં અદકેરી ઓળખ**

નાના પાટેકરની જીવનયાત્રા આપણને શીખવે છે કે મુશ્કેલીઓ વ્યક્તિને રોકી શકે છે, પરંતુ તેની દૃઢ ઈચ્છાશક્તિને પરાજિત કરી શકતી નથી. પોતાની ક્ષમતાને ઓળખવી, સતત મહેનત કરવી અને સફળતા મળ્યા પછી પણ જમીન સાથે જોડાયેલા રહેવું—આ તેમના જીવનમાંથી મળતા મહત્ત્વના પાઠ છે.

તેમણે સાબિત કર્યું છે કે સાચી કળા માત્ર મનોરંજન પૂરું પાડતી નથી; તે સમાજને પ્રશ્નો પૂછવા, અન્યાય સામે અવાજ ઉઠાવવા અને માનવીય સંવેદનાઓને સમજવા પ્રેરે છે. તેમનાં પાત્રો દર્શકોને હસાવે છે, રડાવે છે અને ઘણી વાર આત્મમંથન કરવા પણ મજબૂર કરે છે.

નાના પાટેકરનું મહત્ત્વ માત્ર એક સફળ અભિનેતા તરીકે નથી, પરંતુ એવા કલાકાર તરીકે છે, જેમણે પોતાની કળા અને કર્મ દ્વારા આગવી ઓળખ ઊભી કરી છે. તેમનું જીવન સંઘર્ષને શક્તિમાં, પ્રતિભાને સિદ્ધિમાં અને લોકપ્રિયતાને સામાજિક સંવેદનામાં રૂપાંતરિત કરવાની પ્રેરણાદાયી ગાથા છે.

# હરકદમ સંજોગ તો પ્રતિકૂળ છે



*લાગણી એ માનવીનું કૂળ છે.*
*લાગણીના હોયતો જગ સ્થૂળ છે.*
*મંદ મુસ્કાને કરું સ્વાગત પ્રિયે,*
*આવ કે તારા વિના જગ ધૂળ છે.*
*ના જરૂરત શુભ ઘડી, પંચાગની,*
*ચોથ ચૌદશ જે હશે અનુકૂળ છે.*
*ચાલ મક્કમ રાખવી પડશે ઘણી,*
*હરકદમ સંજોગ તો પ્રતિકૂળ છે.*
*તું હશે તો થઈ જશે ભવપાર આ,*
*પ્રેમ એ તો સર્વ સુખનું મૂળ છે.*

**- શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર**

માનવીના જીવનને જો કોઈ એક તત્વ સૌથી વધુ સુંદર, સંવેદનશીલ અને જીવંત બનાવે છે, તો એ છે. 'લાગણી'. લાગણી વિના માનવીનું અસ્તિત્વ માત્ર શરીર પૂરતું રહી જાય છે; જ્યારે લાગણીથી હૃદયમાં સંવેદનાનો પ્રકાશ જન્મે છે અને સંબંધોને અર્થ મળે છે. શર્મિષ્ઠા કોન્ટ્રાકટરની આ ગઝલમાં પ્રેમ, લાગણી, સાથ, સંઘર્ષ અને જીવન પ્રત્યેની આશાવાદી દૃષ્ટિનું સુંદર સંયોજન જોવા મળે છે. ગઝલના દરેક શેરમાં કવયિત્રી જીવનને પ્રેમની આંખે નિહાળે છે અને કહે છે કે જીવનની સાચી સમૃદ્ધિ ભૌતિક સુખમાં નહીં, પરંતુ લાગણીસભર સંબંધોમાં રહેલી છે.

ગઝલનો પ્રથમ શેર સમગ્ર રચનાના ભાવવિશ્વનો આધારસ્તંભ બનીને ઊભો રહે છે.

**'લાગણી એ માનવીનું કૂળ છે,**
**લાગણી ના હોય તો જગ સ્થૂળ છે.'**

અહીં 'કૂળ' શબ્દ અત્યંત અર્થસભર છે. કૂળ એટલે મૂળ, આધાર, વંશપરંપરા કે અસ્તિત્વનો આધાર. કવયિત્રી કહે છે કે માનવીનું સાચું મૂળ જ લાગણી છે. માનવી પાસે જ્ઞાન હોય, સંપત્તિ હોય, સત્તા હોય કે પ્રતિષ્ઠા હોય, પરંતુ જો હૃદયમાં લાગણી ન હોય તો



**સંવેદન**

**- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

તેનું જીવન યાંત્રિક અને નિર્જીવ બની જાય છે. 'સ્થૂળ' શબ્દ દ્વારા કવયિત્રી એવો સંકેત આપે છે કે લાગણી વિનાનું જગત માત્ર દેખાવ, દેહ અને ભૌતિકતાનું જગત બની જાય છે. લાગણી જ માણસને માણસ સાથે જોડે છે. માતા-પિતા અને સંતાનનો સંબંધ હોય કે મિત્રતા, દાંપત્ય હોય કે પ્રેમ—દરેક સંબંધનું મૂળ લાગણીમાં જ છે. બીજા શેરમાં પ્રેમિકાના આગમનની આતુરતા અને તેના વિના જીવનની નિરર્થકતા વ્યક્ત થાય છે.

**'મંદ મુસ્કાને કરું સ્વાગત પ્રિયે,**
**આવ કે તારા વિના જગ ધૂળ છે.'**

'મંદ મુસ્કાન' અહીં માત્ર સ્મિત નથી, પરંતુ પ્રેમની નાજુક અભિવ્યક્તિ છે. પ્રિયજનના આગમનથી હૃદયમાં જે આનંદ જન્મે છે તે કોઈ મોટા ઉત્સવ કરતાં ઓછો નથી. કવયિત્રી ન્યિજનને કહે છે કે હું તારા સ્વાગત માટે હળવા સ્મિત સાથે ઊભી છું; તું આવી જા, કારણ કે તારા વિના આ આખું જગત ધૂળ સમાન લાગે છે. 'ધૂળ'નું રૂપક ખૂબ જ અસરકારક છે. જીવનમાં બધું હોવા છતાં પ્રિય વ્યક્તિનો સાથ ન હોય તો એ બધું નિરસ અને અર્થહીન બની શકે છે. આ શેરમાં વિરહની પીડા કરતાં મિલનની ઝંખના વધુ પ્રબળ છે.

ત્રીજા શેરમાં પ્રેમને શુભ મુહૂર્તો અને પરંપરાગત ગણતરીઓથી ઉપર મૂકવામાં આવ્યો છે.

**'ના જરૂરત શુભ ઘડી, પંચાગની,**
**ચોથ ચૌદશ જે હશે અનુકૂળ છે.'**

પ્રેમ માટે કોઈ ચોક્કસ શુભ ઘડીની જરૂર નથી. પંચાંગ, તિથિ કે મુહૂર્ત કરતાં હૃદયની તૈયારી વધુ મહત્ત્વની છે. 'ચોથ' અને 'ચૌદશ' જેવી તિથિઓનો ઉલ્લેખ કરીને કવયિત્રી પરંપરાગત શુભ-અશુભની માન્યતાઓ સામે પ્રેમની નિર્દોષ સ્વીકૃતિને મૂકે છે. સાચો પ્રેમ પોતે જ શુભ છે. જ્યાં હૃદયમાં સ્નેહ છે, ત્યાં દરેક ક્ષણ શુભ બની જાય છે. પ્રેમીઓ માટે મળવાની ઘડી જ શુભ ઘડી છે અને પ્રિયજનની હાજરી જ જીવનનો શુભ સંયોગ છે.

આ શેરમાં કવયિત્રીની વિચારધારા પણ વ્યક્ત થાય છે. જીવનમાં દરેક બાબત માટે બહારથી શુભ સંકેતની રાહ જોવાની જરૂર નથી. જો મન શુદ્ધ હોય, હેતુ સારો હોય અને સંબંધમાં સચ્ચાઈ હોય તો સામાન્ય ક્ષણ પણ અસાધારણ બની શકે છે.

ચોથા શેરમાં ગઝલનું ભાવવિશ્વ પ્રેમમાંથી જીવનસંઘર્ષ તરફ વળે છે.

**'ચાલ મક્કમ રાખવી પડશે ઘણી,**
**હરકદમ સંજોગ તો પ્રતિકૂળ છે.'**

જીવન હંમેશા સરળ રસ્તો આપતું નથી. દરેક પગલે સંજોગો માણસની કસોટી લે છે. અહીં 'ચાલ' માત્ર ચાલવાની ક્રિયા નથી; તે જીવનયાત્રાનું પ્રતીક છે. 'મક્કમ' શબ્દ આત્મવિશ્વાસ, ધૈર્ય અને સંકલ્પનું પ્રતિનિધિત્વ કરે છે. સંજોગો પ્રતિકૂળ હોય ત્યારે જ માણસની સાચી શક્તિની પરીક્ષા થાય છે.

કવયિત્રી અહીં પ્રેમને માત્ર ભાવુકતા સુધી સીમિત રાખતી નથી, પરંતુ પ્રેમને જીવન જીવવાની શક્તિ બનાવે છે. પ્રિયજનનો સાથ હોય તો મુશ્કેલ રસ્તા પણ સરળ બની શકે છે. સંજોગો સામે ઝૂકી જવાને બદલે મક્કમ પગલે આગળ વધવું જોઈએ—આ જીવનદર્શન આ શેરમાંથી પ્રગટ થાય છે.

ગઝલનો અંતિમ શેર સમગ્ર રચનાનો પરમ ભાવ વ્યક્ત કરે છે.

**'તું હશે તો થઈ જશે ભવપાર આ,**
**પ્રેમ એ તો સર્વ સુખનું મૂળ છે.'**

'ભવપાર' શબ્દમાં ભારતીય આધ્યાત્મિક પરંપરાનો ઊંડો સંદર્ભ છે. ભવસાગર એટલે જીવનના દુઃખ, સંઘર્ષ, મોહ અને અનિશ્ચિતતાઓથી ભરેલી યાત્રા. કવયિત્રી કહે છે કે જો પ્રિયજનનો સાથ હોય તો આ ભવસાગર પણ પાર કરી શકાય. અહીં 'તું' માત્ર કોઈ એક પ્રિય વ્યક્તિ નથી; તે પ્રેમ, વિશ્વાસ, સાથ અને આશાનું પ્રતીક પણ બની જાય છે.

'પ્રેમ એ તો સર્વ સુખનું મૂળ છે'—આ આખી ગઝલનો કેન્દ્રીય વિચાર છે. પ્રેમથી જ સંબંધોમાં ઉષ્મા આવે છે, પ્રેમથી જ મુશ્કેલીઓ સામે લડવાની શક્તિ મળે છે અને પ્રેમથી જ જીવનમાં અર્થ જન્મે છે. સંપત્તિ માણસને સુવિધા આપી શકે, પરંતુ આત્મીયતા અને પ્રેમ જ મનને સુખ આપી શકે છે.

આ ગઝલની ભાષા સરળ, સહજ અને ભાવસભર છે. કવયિત્રી જટિલ શબ્દ-યોગ કરતાં રોજિંદા જીવનમાં વપરાતા શબ્દો દ્વારા ઊંડા જીવનસત્ય વ્યક્ત કરે છે. 'કૂળ', 'સ્થૂળ', 'ધૂળ', 'અનુકૂળ', 'પ્રતિકૂળ', 'મૂળ' જેવા શબ્દો માત્ર અર્થની દૃષ્ટિએ જ નહીં, પરંતુ ધ્વનિની દૃષ્ટિએ પણ ગઝલને સંગીતમય બનાવે છે. 'સ્થૂળ-ધૂળ', 'અનુકૂળ-પ્રતિકૂળ-મૂળ' જેવા પ્રાસ ગઝલના શ્રાવ્ય સૌંદર્યમાં વધારો કરે છે.

ગઝલમાં 'લાગણી', 'પ્રેમ', 'પ્રિયે', 'સાથ', 'સંજોગ' જેવા શબ્દો વારંવાર ભાવના અને જીવન વચ્ચેનો સંબંધ મજબૂત કરે છે. એક તરફ પ્રેમની કોમળતા છે, તો બીજી તરફ સંજોગોની કઠોરતા છે. આ બે વિરોધી તત્ત્વો વચ્ચે કવયિત્રી જીવનની સુંદર સમતુલા ઊભી કરે છે. પ્રેમ માત્ર આંખોમાં વસેલી લાગણી નથી; તે સંઘર્ષમાં સાથ આપતી શક્તિ છે.

આ ગઝલનો સૌથી મોટો ગુણ એ છે કે તેમાં વ્યક્તિગત પ્રેમ ધીમે ધીમે સાર્વત્રિક પ્રેમમાં રૂપાંતરિત થાય છે. શરૂઆત 'લાગણી'થી થાય છે, મધ્યમાં 'પ્રિયજન'નો સાથ આવે છે અને અંતે 'પ્રેમ'ને સર્વ સુખનું મૂળ ગણાવવામાં આવે છે. એટલે આ રચના માત્ર પ્રેમગઝલ નથી; તે માનવીય જીવનમાં સંવેદનાના મહત્ત્વનું કાવ્યાત્મક ઘોષણાપત્ર બની જાય છે.

આજના ઝડપી અને ભૌતિકતાપ્રધાન સમયમાં માણસ પાસે સુવિધાઓ વધી છે, પરંતુ ઘણીવાર સંબંધોમાં આત્મીયતા ઘટતી જોવા મળે છે. આવા સમયમાં આ ગઝલ આપણને યાદ અપાવે છે કે માણસને સાચે સુખી બનાવનાર તત્ત્વ બહારની સંપત્તિ નહીં, પરંતુ અંદરની લાગણી છે. જ્યાં લાગણી છે ત્યાં સંબંધ છે,

જ્યાં સંબંધ છે ત્યાં વિશ્વાસ છે અને જ્યાં વિશ્વાસ છે ત્યાં જીવનમાં સુખની સંભાવના છે. અંતે કહી શકાય કે શર્મિષ્ઠા કોન્ટ્રાકટરની આ ગઝલ પ્રેમને માત્ર રોમાંચક ભાવના તરીકે નહીં, પરંતુ માનવીય જીવનની મૂળભૂત જરૂરિયાત તરીકે રજૂ કરે છે. પ્રતિકૂળ સંજોગોમાં મક્કમ રહેવાની પ્રેરણા, પ્રિયજનના સાથની આત્મીયતા અને પ્રેમને સર્વ સુખના મૂળ તરીકે સ્વીકારતી વિચારધારા આ ગઝલને હૃદયસ્પર્શી બનાવે છે. સરળ ભાષા, સુંદર પ્રાસ, અસરકારક રૂપકો અને ઊંડી જીવનદૃષ્ટિના કારણે આ રચના વાચકના હૃદયમાં લાંબો સમય ગુંજતી રહે છે.ખરેખર, જીવનમાં ઘણું મેળવ્યા પછી પણ જો લાગણી ખોવાઈ જાય તો બધું અધૂરું છે; અને જો સાચી લાગણીનો સાથ મળી જાય, તો પ્રતિકૂળ રસ્તાઓ પણ સહેલા બની જાય છે. આ જ આ ગઝલનો શાશ્વત સંદેશ છે—લાગણી માનવીનું મૂળ છે અને પ્રેમ જીવનના સર્વ સુખનું મૂળ છે.

# મૌન બોલે છે : આત્માના ઊંડાણમાં ઊતરતી એક નિઃશબ્દ પ્રાર્થના



કેટલીક લાગણીઓને શબ્દોની જરૂર હોતી નથી, કેટલીક વેદનાઓને આંસુઓની પણ જરૂર પડતી નથી અને કેટલીક પ્રાર્થનાઓ તો મૌનમાં જ ઈશ્વર સુધી પહોંચી જાય છે. કારણ કે મૌન એ માત્ર હોઠોનું શાંત થઈ જવું નથી, પરંતુ હૃદયની ભાષાને સાંભળવાની એક પવિત્ર ક્ષણ છે.

મૌન બોલે છે, પણ તેના શબ્દો સંભળાતા નથી; તે અનુભવાય છે. તે હૃદયના ઊંડાણમાં ઊતરીને એવી વાત કહી જાય છે, જે હજારો શબ્દો પણ વ્યક્ત કરી શકતા નથી.

જ્યાં શબ્દો થાકી જાય છે, જ્યાં લાગણીઓ અભિવ્યક્ત થવામાં અસમર્થ બને છે અને જ્યાં સંબંધોમાં સમજણ કરતાં ગેરસમજણ વધી જાય છે, ત્યાં મૌન ઘણી વાર સત્યનો દીવો પ્રગટાવે છે.

આજના દોડધામભર્યા જીવનમાં આપણે બીજાને સાંભળવા કરતાં જવાબ આપવા માટે વધુ ઉતાવળા બની ગયા છીએ. દરેક વાતમાં પોતાની વાત સાચી સાબિત કરવાની હોડમાં મનની શાંતિ ક્યાંક ખોવાઈ જાય છે. ફરિયાદો, અપેક્ષાઓ, ગુસ્સો અને અહંકાર આપણા અંતરને થકવી નાખે છે. આવા સમયે થોડું મૌન ધારણ કરવું એ પોતાની જાતને આપેલી અમૂલ્ય ભેટ છે.



**પ્રીતનું ઝરણું**

**જ્યોતિ ઉત્પલ પંડયા, અતુલ**

મૌન આપણને શીખવે છે કે દરેક પ્રશ્નનો જવાબ આપવો જરૂરી નથી, દરેક વિવાદમાં જીતવું જરૂરી નથી અને દરેક સંબંધમાં પોતાની વાત મનાવવી પણ જરૂરી નથી. ક્યારેક ચૂપ રહીને સામેની વ્યક્તિની લાગણી સમજવી એ જ સાચો પ્રેમ છે. ક્યારેક મૌન રાખીને ગુસ્સાને ઓગળવા દેવો એ જ સાચો આત્મસંયમ છે. અને ક્યારેક પોતાની અંદર ઊઠતા વિચારોને શાંતિથી નિહાળવા એ જ આત્મજ્ઞાન તરફનું પ્રથમ પગલું છે.

મૌનના ખોળામાં બેસીએ ત્યારે મનના ઘોંઘાટ ધીમે ધીમે શાંત થવા લાગે છે. શ્વાસની લયમાં એક અજાણી શાંતિ અનુભવાય છે અને અંતરના અંધકારમાં આશાનો નાનકડો દીપક ઝળહળી ઊઠે છે. આ જ એ ક્ષણ છે, જ્યારે માણસ દુનિયાને ભૂલવા નહીં, પરંતુ પોતાની જાતને ઓળખવા લાગે છે.

પરંતુ યાદ રાખવું જોઈએ કે દરેક મૌન શાંતિનું પ્રતીક નથી. ક્યારેક મૌન પીડા છુપાવે છે, ક્યારેક લાચારી વ્યક્ત કરે છે અને ક્યારેક અંતરના તૂટેલા વિશ્વાસની સાક્ષી બને છે. તેથી મૌનને સમજવા માટે માત્ર કાન નહીં, સંવેદનશીલ હૃદય પણ જોઈએ.

ચાલો, રોજિંદા જીવનમાં થોડી ક્ષણો મૌનને અર્પણ કરીએ. શબ્દો ઓછા કરીએ, સંવેદનાઓને વધુ જીવંત બનાવીએ અને મનમાં પ્રેમ, કરુણા તથા ક્ષમાનો દીપ પ્રગટાવીએ.

કારણ કે સાચું મૌન એ ખાલીપો નથી, પરંતુ આત્માનો એવો સંવાદ છે, જેમાં મન શાંત થાય છે, હૃદય શુદ્ધ બને છે અને જીવનનો સાચો અર્થ ધીમે ધીમે પ્રગટ થવા લાગે છે.

# મારા શબ્દની સુગંધ ...!



ખેતરને શેઢે મૂકેલી ઢોચકી માથી તરસ્યો કાગડો પાણી પીવા ઢોચકી ઉપર ચાંચ મારે છે... થતો જલતરંગના અવાજને જોયા કરે છે... ઢોચકી ભીતરનું પાણી!

બે મિત્રો બની ઊભેલા વૃક્ષો છેં ગુલમહોર અને ગરમાળો. એકના હાથમાં ગુલાબી ફૂલોનો અને બીજાના હાથમાં પીળા ફૂલોનો ગુલદસ્તો લઈ ઉનાળાનું સ્વાગત કરવા ઊભા છે!

ખેતર વચ્ચે ઊભેલો ચાડિયાને ટહુકો પીવાની કૂટેવના કારણે તે ,હવે ઊંઘે છે ઘસઘસાટ...! પંખીઓ ખેતરમાં મિજબાની કરવા બેઠા છે. ખેડૂતને આવતા જોઈ પંખીઓ આકાશ તરફ પ્રયાણ કરે છે...! ચાડિઓ જાગી જાય છે અને ખોંખારો ખાય છે.

થોડે દૂર સુકાઈ ગયેલા તળાવમાં દેડકાંઓ સુષુપ્ત અવસ્થામાં પોઢી ગયા છે. કૂવાઓનું જળ નીચે ગયું છે. કૂવો કાબરનો કલબલાટ સૂણે છે.

હવે હું સમયજળમાં જાળ નાખીને બેઠો છું...જાળમાં કોક અજાણ્યા ગ્રહનું મત્સ્ય તરફડતું જોવા મળે છે! હવે હું મને પકડવા

**શબ્દથી શબ્દ સુધી**

**રમેશ પટેલ, સુરત**

દોડી રહ્યો છું મનથી વન તરફ...! મારા મન મંદિરમાં કોક ઘંટડી વગાડે છે... એ સાંભળવા ખુદ ઈશ્વર અને સમગ્ર બ્રહ્માંડ દોડી આવે છે! સૂરજ અને ચંદ્ર મારા લખેલા પુસ્તકો વાંચવા મારા ઘરના ગ્રંથાલયમાં આવે છે. વાંચી મને પૂરસ્કાર આપે છે. મારી આરપાર નીકળી ગયેલા મને, તમે મારા શબ્દોમાં શોધી શકો છો. શબ્દથી શબ્દ સુધીની યાત્રા મને કાકાસાહેબ કાલેલકરની માફક આનંદ આપી જાય છે. હવે હું મારી છબી ઉપર ફૂલોનો હાર પહેરાવી અનંત યાત્રાએ ઉપડી ગયો છું. મિત્રોની આંખ ભીની થાય છે એ જોઈ હું પણ રડી પડું છું!!! જે તાપી નદી મારા રગેરગમાં વહેતી હતી એ જ તાપીના પ્રવાહમાં મારી અસ્થિની રાખ દ્રવી જાય છે .

બધાની શોકસભામાં હાજર રહેતો હું જ મારી શોકસભામાં ગેરહાજર છું... દોસ્તો!

પ્રાર્થના સભામાં ગવાતી ધૂન સાંભળી મારો આત્મા પ્રસન્નતા અનુભવે છે. ખુદ ઈશ્વરની આંખમાં આંસુ આવી જાય છે ...એ કાંઈ નાની સૂની બાબત નથી જ!

મારા શબ્દોની સુગંધ તમને ભાવી હશે જરૂર!

**સંઘર્ષ જીવનનો એવો પાઠ છે, જે આપણને મુશ્કેલીઓ સામે લડવાની હિંમત આપે છે. રસ્તામાં અવરોધો આવે ત્યારે હાર માનવાને બદલે આત્મવિશ્વાસ સાથે આગળ વધવું જોઈએ. દરેક સંઘર્ષ આપણને કંઈક નવું શીખવે છે અને વધુ મજબૂત બનાવે છે. યાદ રાખો, સફળતા એક જ દિવસમાં મળતી નથી, પરંતુ સતત પ્રયત્નો, ધીરજ અને દૃઢ નિ?યથી એક દિવસ સપનાં જરૂર સાકાર થાય છે. -વિચાર**

## વલસાડ બુધસભા દ્વારા મીનલ દવેનો વાર્તાલાપ યોજાયો

**મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ 'રેંટીયા બારસ'ની ઉજવણી કરાઈ**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** બુધસભા પરિવાર દ્વારા છેલ્લા બાર વરસથી અનેક વિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. જેમાં મહદ અંશે સાહિત્યિક પ્રવૃતિઓને આવરીને લબ્ધ પ્રતિષ્ઠિત લેખકો કવિઓ-સંગીત-બંગાળી કાર્યક્રમોની શ્રૃંખલા-જ્ઞાન-ગમ્મત-લોક સાહિત્ય અને શેરી ગરબા જેવી ભાતીગળ સંસ્કૃતિનું પણ સંવર્ધન કરવામાં આવે છે. આ ઉપરાંત સર્જક સાથે સંવાદના કાર્યક્રમોની શ્રેણી પણ યોજવામાં આવે છે. સાતમી ઓક્ટોબર એટલે તિથી પ્રમાણે મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ જેને રેંટીયા બારસ તરીકે પણ ઓળખવામાં આવે છે. એ પ્રમાણે તા. ૭-૧૦-૨૬ નાં રોજ આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગને ઉજાગર કરવા માટે બુધસભાના સર્વેસર્વા ડો.રાધિકા ટીક્કુ અને બુધસભા પરિવાર દ્વારા, ભરૂચના જાજરમાન, અભ્યાસુ, વિદ્વાન વક્તા, અનુવાદક, વિવેચક અને વિદુષી સન્નારી મીનલ દવેનો વાર્તાલાપ રાષ્ટ્રીય અંધજન શાળા નનકવાડા (વલસાડ) નાં સુંદર સજાવટવાળા રંગમંચ ઉપર યોજવામાં આવ્યો હતો. જેનો વિષય હતો, 'મને ગાંધીજી ગમે છે, કારણ કે મને માણસ ગમે છે' આ વિષયના માધ્યમ દ્વારા મીનલબેન દવેએ ગાંધીજીના જીવનની લાક્ષણિકતા, તેમની જીવન દ્રષ્ટિ, અભય અને દીર્ઘ દ્રષ્ટિ અને બાપુના જીવન અને આદર્શો, સંઘર્ષો ઉપર રસપ્રદ વાતો કરીને કાર્યક્રમ રસપ્રદ બનાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શરૂઆત રાષ્ટ્રીય અંધજનનાં અંધ વિદ્યાર્થીઓ દ્વારા, મહાત્મા ગાંધીજીનું પ્રિય ગીત 'વૈશણવ જન તો તેને રે કહીએ' ની સામુહિક પ્રાર્થના અને સ્વાગત ગીત થી કરવામાં આવ્યું હતું. ગાંધીયુગનું રસદર્શન થાય એ માટે રંગમંચનું સુશોભન પણ ગાંધી ઢબે કરીને આકર્ષક બનાવ્યું હતું. જેમાં અંબર ચરખો અને રેંટીયાની પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

સરસ મઝાનાં રંગમંચની સજાવટ સાથે પ્રેમ શાંતિ અને સોહાર્દના માહોલમાં કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. મીનલબેનની અસ્ખલિત વાણી પ્રવાહમાં સૌ શ્રોતાઓ ભીંજાયા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રોતાઓએ હાજરી આપી હતી.

જેમાં ગાંધી તત્વને ઝીલનાર આદરણીય નટુભાઈ નાયક (નેતાજી) અપર્ણા કડીકર, વિરેન્દ્રભાઈ ચાર્ટડ એકાઉન્ટન્ટ, પ્રો. વિનોદભાઈ. પ્રો. દીનકરભાઈ ટંડેલ, આશાબેન શાહ, લોકસાહિત્ય પ્રેમી રણજીતભાઈ દેસાઈ તથા સમગ્ર બુધસભા પરીવાર વગેરે હાજર રહ્યા હતા. આભારવિધિ રમેશભાઈ ચાંપાનેરી દ્વારા કરવામાં આવી હતી.

## ગુજરાત રાજ્ય જુનિયર એથલેટીક્સ સીલેક્સન મીટમાં

## વાપી રોફેલ યુર્નિ.ના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** ગુજરાત રાજ્ય જુનિયર એથલેટીક્સ સીલેક્સન મીટનું આયોજન ગોધરા ખાતે તા. ૫ ઓક્ટોબરના રોજ સીલેક્સન કરવામાં આવ્યું હતું.

જેમાં રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીમાં આર્ટસ ફેકલ્ટીમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી ઓમકાર પ્રસાદ (FYBA) ૮૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી અને સની સિંગ ૫૦૦૦ રેસ વોકમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે. આ બંને વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ ચેન્નાઈ ખાતે કરશે..




આ બંને વિદ્યાર્થીઓને રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ.વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ. પ્રિયકાન્ત વેદ, શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. દિલીપ ઘોલપ અને અધ્યાપકોએ તેમજ રોફેલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## સેલવાસમાં પ્રથમવાર કર્નાટકની તુલુ ભાષામાં કોમેડી નાટક યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** કર્ણાટકમાં તુલુ ભાષાને બીજી રાજ્યભાષાનો દરજ્જો મળવાના અવસર નિમિત્તે સેલવાસમાં પ્રથમ વખત તુલુ ભાષાના કોમેડી નાટકનું મંચન કરવામાં આવ્યું હતું. ૭ ઓક્ટોબરના રોજ સાંજે ૬ વાગ્યે કલા કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કર્ણાટક મૂળના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન તુલુનાડ ઈસિરી ગ્રુપ (વાપી, વલસાડ, સિલવાસા, ઉમરગામ), કન્નડ સેવા સંઘ, કન્નડ મહિલા સંઘ, દાદરા અને નગર હવેલી તથા કન્નડ સંઘ, વાપીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

કર્ણાટકના બૈલૂર સ્થિત ચૈતન્ય આર્ટિસ્ટ્સ ગ્રુપ દ્વારા 'રાઘુ માસ્રુ' (રાઘુ ટીચર) નામનું તુલુ કોમેડી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. નાટકના દિગ્દર્શક પ્રસન્ના શેટ્ટીએ જણાવ્યું હતું કે નાટકનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં તુલુ ભાષા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો તેમજ દર્શકોને હાસ્ય અને મનોરંજન પૂરું પાડવાનો છે.

સિલવાસામાં કાર્યક્રમના આયોજનમાં મહેશ શેટ્ટી, વેંકટેશ પૂજારી અને શરત હેગડેએ મહત્વપૂર્ણ

સંકલન કર્યું હતું. કાર્યક્રમમાં એસએમસીના કાઉન્સિલર રજની શેટ્ટી, દાદરા અને નગર હવેલી કન્નડ સેવા સંઘના પ્રમુખ ડૉ. ગણેશ વર્ણેકર, તુલુનાડ ઈસિરીના પ્રમુખ નવીન શેટ્ટી, પૂર્વ પ્રમુખ બાલકૃષ્ણ શેટ્ટી, કન્નડ સંઘ વાપીના પ્રમુખ લલિતા કારંત અને કન્નડ મહિલા સંઘ દાદરા અને નગર હવેલીના પ્રમુખ કાંતિ શેટ્ટી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન દિવાકર શેટ્ટી અને પરિવાર, પ્રકાશ શેટ્ટી, પ્રસન્ના શેટ્ટી તથા મહેશ શેટ્ટીનું સન્માન કરવામાં આવ્યું હતું.

દાદરા અને નગર હવેલી, દમણ, વાપી તથા વલસાડમાં રહેતા કર્ણાટક મૂળના લોકોએ નાટકનો આનંદ

માણ્યો હતો. દર્શકોએ કલાકારોના અભિનયની પ્રશંસા કરી હતી અને ભવિષ્યમાં પણ આવા સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમો યોજાતા રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

## પારનેરા ડુંગર પરના મંદિરોમાં નવરાત્રી નિમિત્તે સમયમાં ફેરફાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડના ઐતિહાસિક પારનેરા ગામે આવેલા પારનેરાડુંગર ઉપર માતાજી મંદિરે આવનાર દરેક દર્શનાથી ઓને આવનાર આસૌ નવરાત્રી નિમિત્તે માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આગામી નવલી નવરાત્રી નિમિત્તો તમામ દર્શનાર્થીઓ ને જણાવવાનું કે તારીખ ૧૧/૧૦/૨૦૨૬ થી ૨૦/૧૦/૨૦૨૬સુધી શરૂ થતાઆસૌ નવરાત્રી દરમ્યાન મંદિર ખુલવાનો સમય સવારે ૫ કલાકે. સવારની આરતી સવારે ૬:૨૫ કલાકે. તેમજ સવારે. ૮ કલાકે. સાંજ ની આરતીનો સમય ૬:૨૦ કલાકે, મંદિર બંધ થવાનો સમય રાત્રે ૯ કલાકે કલાકનો રહેશે. આ ઉપરાંત નવરાત્રી દરમ્યાન તારીખેં ૧૮/૧૦/૨૦૨૬ રવિવાર સાતમના દિને રાત્રિ દરમ્યાન મંદિર ખુલ્લુ રહેશે.આઠમ નો મેળો તારીખેં ૧૯/૧૦/૨૦૨૬ ને સોમવારે જાહેર કરવા માં આવે છે.આ સમય ફક્ત નવરાત્રી પુરતો જ રહેશે.

## દાનહમાં જાહેર સ્થળોએ ૭ દિવસમાં સીસીટીવી મુકવા તાકીદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** દાદરા અને નગર હવેલી પ્રશાસને ગુરુવારે જિલ્લામાં આવેલા બાર, રેસ્ટોરન્ટ, હોટલ અને પેટ્રોલ પંપો માટે મુખ્ય પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળે કાર્યરત CCTV કેમેરા લગાવવાનું ફરજિયાત કર્યું છે. સંબંધિત માલિકો, સંચાલકો, લાઈસન્સધારકો અને જવાબદાર વ્યક્તિઓને આદેશની તારીખથી સાત દિવસમાં CCTV વ્યવસ્થા કરવાની સૂચના આપવામાં આવી છે. SDM અમિત કુમારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ આ આદેશ જાહેર કર્યો છે. CCTV કેમેરા ૨૪ કલાક કાર્યરત રાખવા તેમજ પ્રવેશ અને બહાર નીકળતા લોકો અને વાહનોની ઓળખ થઈ શકે તેવી રીતે કેમેરા ગોઠવવા સૂચના આપવામાં આવી છે. પ્રશાસનના અધિકૃત અધિકારીઓ સ્થળનું નિરીક્ષણ કરી CCTV વ્યવસ્થાની ચકાસણી કરી શકશે. નિર્ધારિત સમયમર્યાદામાં આદેશનું પાલન નહીં કરનાર સામે કાયદા મુજબ કાર્યવાહી થઈ શકે છે.

આ આદેશ બાદ દારૂની હેરાફેરી અને તેની દેખરેખ અંગે પણ સવાલો ઊભા થયા છે. પડોશી મહારાષ્ટ્ર અને ગુજરાતમાં DNHમાં વેચાણ માટે અધિકૃત દારૂની મોટી ખેપો ઝડપાવાના કિસ્સાઓ સામે આવતા પ્રશ્ન એ છે કે લાઈસન્સ ધરાવતા સ્થળો પર દેખરેખ વધારવામાં આવી રહી છે તો DNHનો દારૂ અન્ય રાજ્યો સુધી કેવી રીતે પહોંચી રહ્યો છે? CCTVથી સ્થળે આવતા-જતા લોકો અને વાહનોની ઓળખમાં મદદ મળશે, પરંતુ દારૂનો સ્ટોક, પરમિટ, પરિવહન અને અંતિમ ગંતવ્ય અંગે પણ અસરકારક દેખરેખ જરૂરી બનશે. નવા CCTV આદેશથી સુરક્ષા વ્યવસ્થા મજબૂત થવાની સાથે દારૂની ગેરકાયદે હેરાફેરી પર નિયંત્રણ અંગે પણ પ્રશાસન સામે સવાલો ઊભા થયા છે.

## પારડીમાં ચારધામની યાત્રા કરનાર જોષી પરિવારનું સ્વાગત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૯ : પારડી ખાતે ચારધામની યાત્રા કરનાર જોષી પરિવારનું સ્વાગત કરાયું,૬૦૦ ભૂદેવનું બ્રહ્મભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું શ્રી શિહોર સંપ્રદાય બ્રહ્મ સમાજ મહુવાથી મુંબઈમાં વસતા ભૂદેવો ગુરુવારે સવારે ૧૧ઃ૩૦ કલાકે કિલ્લા પારડી ખાતે પહોંચ્યા હતાં.પારડીના બી.એન. જોશી અને ઉષાબેન જોશી ચારધામ યાત્રા જઈને આવ્યા તે નિમિત્તે બ્રહ્મ સમાજ અને ઈષ્ટ મિત્રો સ્નેહીઓ માટે એકલિંગી મહાદેવ મંદિર તળાવની પાળ પર કિલ્લા પારડી હોલમાં ભોજન સમારંભનું આયોજન કરાયું હતું વલસાડ જિલ્લા બ્રહ્મ સમાજના આગેવાન અને મોટાપોંઢા કોલેજના નિવૃત આચાર્યા બી.એન.જોષી અને નિવૃત્ત શિક્ષિકા ઉષાબાની ચારધામ યાત્રા કરી હતી. બી.એન.જોશી જોષી દ્વારા ગુરુવારે વલસાડ જિલ્લાની બ્રહ્મ સમાજ સહિત ૬૦૦ લોકોના મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વવિખ્યાત કથાકાર ધરમપુર શરદભાઈ વ્યાસ અને ખેરગામના ભાગવત પ્રફુલભાઈ શુક્લની ઉપસ્થિતિમાં પારડી એકલિંગી મહાદેવ મંદિરે સન્માન સમરોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દૂર દૂરથી આવેલા ભૂદેવો અને મિત્ર વર્તુળ દ્વારા બી.એન. જોશીને સાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ પ્રસંગે મુંબઈથી ઘનુભાઈ જાની, ત્રંબકભાઈ જાની, ધરમપુરના ભાગવત કથાકાર બટુકભાઈ વ્યાસ, અંનતરાય જાની, ઉમાશંકર દવે, લસાડ જિલ્લા બ્રહમસમાજના ઉપપ્રમુખ ચંદ્રેશભાઈ જાની, વટુકભાઈ જાનીનિવૃતતલાટી,ઉમાશંકરભાઈ દવે, પ્રકાશ દવે સહિત સમગ્ર બ્રહ્મ સમાજ ઉપસ્થિત રહીને શુભકામના પાઠવી હતી.

પારડી સ્વાધ્યાય મંડળના નિયામક અને ભાગવત કથાકાર ભાવેશભાઈ જોશી, જયેશભાઈ જોશી સહિતની ટીમ દ્વારા આવેલા મહેમાનોનું સ્વાગત કરાયું હતું સુરતથી માનવસેવા સંઘ છાયડોના પ્રમુખ ભરતભાઈ શાહ તથા ઉપપ્રમુખ રામજીભાઈ ચાંદલ અને હરેશભાઈ પટેલ ઉમેશભાઈ પટેલ અબ્રામા શિક્ષણ કાર્ય કરનાર દેવ સ્વામી તેમજ અન્ય મહાનુભાવો ખાસ હાજર રહ્યા હતાં. મંગળભાઈ પુરોહિત અને રાજસ્થાની મિત્ર મંડળ દ્વારા સન્માન અને હાજરી આપી હતી. પારડી સ્વાધ્યાય મંડળના અધ્યાપકો અને ઋષિકુમારોએ હાજરી આપી હતી.

## ઉમરગામમાં દેવી ભાગવત કથા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ખેરગામ જગદમ્બાધામ ખાતે બુધવારે ગણેશ પૂજા સાથે વિશ્વવિખ્યાત કથાકાર પ્રફુલભાઈ શુક્લ દ્વારા દેવીભાગવત કથાનો પ્રારંભ થયો હતો. તેમણે જણાવ્યું કે, સંસારમાં અનેક કથાઓ સહજ છે, પરંતુ દેવીભાગવત કથા દુર્લભ છે. જેના ભાગ્યના દ્વાર ખુલવાના હોય તે જ આ કથા સાંભળી શકે અને માં અંબાની કૃપા પ્રાપ્ત કરી શકે છે.

આ કથાનું આયોજન સાર્વજનિક મિત્ર મંડળ સંજાણ, જય અંબે યુવક મંડળ, જય અંબે મહિલા મંડળ, મદેશિયા વૈષ્ણવ સમાજ સેવા સંઘ ઉમરગામ તથા સાંઈ પદયાત્રી મિત્ર મંડળ સંજાણ દ્વારા કરવામાં આવ્યું છે. કથા આયોજનને સફળ બનાવવા ભાવનાબેન ગુપ્તા, સરોજબેન ઘોડી, સુમિત્રાબેન દુબળા અને રાગીણીબેન પંચાલ સહિતના કાર્યકરો પુરુષાર્થ કરી રહ્યા છે.

કથા પ્રસંગે ધારાસભ્ય રમણલાલ પાટકર તથા કૃપાશંકર ચન્દ્રભાલ દીક્ષિતના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવશે. આ પ્રસંગે ભગવાનદાસ ભરવાડ, સંતોષભાઈ રવેશિયા (Droms Industries), મુરલીભાઈ વર્મા, યતીનભાઈ ભંડારી, ઈશ્વરભાઈ બારી, રામપ્રતાપ ગુપ્તા, રાકેશભાઈ રાય, રાજેશ શ્રીવાસ્તવ, સંતોષભાઈ ચોરસિયા, હર્ષભાઈ સોનપાલ સહિત આગેવાનો અને રામ સેના ગુજરાત ઉપસ્થિત રહેશે.

કથાનો સમય બપોરે ૩ થી સાંજે ૬ વાગ્યા સુધીદરરોજ સાંજે મહાપ્રસાદનું આયોજન દેવીભાગવત કથાના આયોજનથી સંજાણ સહિત સમગ્ર ઉમરગામ પંથકમાં ભક્તિમય માહોલ છવાયો છે અને પૂજ્ય પ્રફુલભાઈ શુક્લની અમૃતવાણી સાંભળવા ભક્તોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ધરમપુર ડેપોમાં ૪ મિનિબસોનું લોકાર્પણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** ભગવાન બિરસા મુંડાજીના અદમ્ય શૌર્ય, સંઘર્ષ અને જનજાતીય ગૌરવને સમર્પિત જનજાતીય ગૌરવ પરિવહન અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ધરમપુર એસ.ટી. ડેપોને ફાળવવામાં આવેલી કુલ ૪ મિનિબસોનું આજે ધરમપુર ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ધરમપુરના ધારાસભ્ય તથા ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલના હસ્તે આ મિનિબસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ બાદ આ સેવાનો પ્રત્યક્ષ અનુભવ કરવા માટે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ સાથે ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો તથા એસ.ટી. ડેપોના અધિકારીઓએ મિનિબસમાં બેસીને વિદ્યાર્થીઓ માટે નિર્ધારિત રૂટ પર આસુરા શાળા સુધી પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન બસની સુવિધાઓ, માર્ગની પરિસ્થિતિ તેમજ વિદ્યાર્થીઓને



મળનારી પરિવહન સેવાનો પણ પ્રત્યક્ષ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવી રહેલી આ સેવા માત્ર પરિવહન સુવિધા નહીં પરંતુ તેમના શિક્ષણ સુધી પહોંચને વધુ સરળ બનાવનાર મહત્વપૂર્ણ માધ્યમ બની રહેશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

ભગવાન બિરસા મુંડાજીને સમર્પિત જનજાતીય ગૌરવ પરિવહન અંતર્ગત શરૂ થયેલી આ નવી સેવા ધરમપુરના વિદ્યાર્થીઓ માટે સુવિધા, સુરક્ષા અને શિક્ષણની વધુ સારી તકનું માધ્યમ બનશે.

આ મિનિબસોના નિયમિત સંચાલનથી વિદ્યાર્થીઓની રોજિંદી મુસાફરી સરળ બનવાની સાથે તેમના શૈક્ષણિક ભવિષ્યને પણ વધુ મજબૂત આધાર મળશે.

ધરમપુરના જનજાતીય અને અંતરિયાળ વિસ્તારોના વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાના ભાગરૂપે શરૂ થયેલી આ પરિવહન સેવા 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.

## કપરાડા શિક્ષણ સંઘની બિન શૈક્ષણિક કામગીરીમાંથી મુકિતની માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી શિક્ષકોને શિક્ષણ સિવાયની બિનશૈક્ષણિક કામગીરીમાંથી મુક્ત કરવાની માંગ કરવામાં આવી છે. સંઘે જણાવ્યું કે ઓનલાઈન કામગીરી, વિવિધ તાલીમ અને મિટિંગના વધતા ભારણને કારણે શિક્ષણ કાર્ય પર અસર થઈ રહી છે. નેટવર્કની સુવિધા ન ધરાવતી શાળાઓમાં ઓનલાઈન હાજરી અને MDM એન્ટ્રી જેવી કામગીરી ન કરાવવા તેમજ ધો. ૧થી ૫ની શાળાઓમાં કમ્પ્યુટર, લેપટોપ, પ્રિન્ટર અને ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ કરાવ્યા બાદ જ ઓનલાઈન કામગીરી સોંપવા રજૂઆત કરાઈ છે. ૫૦ કલાકની ઓનલાઈન તાલીમમાંથી મુક્તિ અને SNA સ્પર્શની બિલ પ્રક્રિયા સરળ બનાવવાની પણ માંગ કરાઈ. આ ઉપરાંત નીલોસી પ્રાથમિક શાળાના આચાર્ય સ્વ. શંકરભાઈ લાછિયાભાઈ જાદવના આપઘાતનો ઉલ્લેખ કરી તેમના પરિવારને સરકારી સહાય આપવાની માંગ કરવામાં આવી હતી. દિવસી ગામના લોકો સ્વ. શંકરભાઈની પત્ની અને ત્રણ બાળકો સાથે આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા.

## વાપીની ઉપાસના સ્કુલ રગ્બી સ્પર્ધામાં નેશનલ કક્ષાએ ઝળકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** ઉપાસના સ્કુલ રગ્બીમાં નેશનલ કક્ષાએ રમત-ગમત ગાંધીનગરનાં ઉપક્રમે રાજયકક્ષાની ૪/૧૯ ભાઈઓની રગ્બી સ્પર્ધા ગાંધીનગર ખાતે તા.૩૦/૦૯/૨૦૨૬ અને ૦૧/૧૦/૨૦૨૬ ના રોજ યોજાઈ હતી.

ગુજરાત રાજ્યમાંથી વિવિધ જિલ્લાઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. વલસાડ જિલ્લામાંથી વાપીની ઉપાસના લાયન્સ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલે જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જે સ્પર્ધામાં શાળાના ૧) અંશુ તિવારી અને ૨) ક્રિશ્ના સિંઘે બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું અને સમગ્ર વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે.

ઉપરાંત ક્રિશ્ના સિંઘની પસંદગી નેશનલ કક્ષાએ થયેલ છે. જે હવે નેશનલ કક્ષાની સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

વિજેતા બનેલ વિદ્યાર્થીઓને શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ શાળાના શારીરિક શિક્ષકે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પસંદગી પામનાર વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી, શાળાના આચાર્ય, ઉપાચાર્ય, શિક્ષકગણ, પ્રશાસક, બિન શૈક્ષણિકગણે અભિનંદનના વરસાદથી ભીંજવી નાંખ્યા હતા અને માર્ગદર્શક શિક્ષકોની મહેનતને બિરદાવી હતી.

## વાપી પબ્લિક સ્કૂલમાં નેશનલ બોયઝ રગ્બી ટુર્નામેન્ટનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વાપી પબ્લિક સ્કૂલ, વટાર ખાતે ૭મી CISCE નેશનલ ગેમ્સ એન્ડ સ્પોર્ટ્સ - ૨૦૨૬ અંતર્ગત બોયઝ રગ્બી ટુર્નામેન્ટનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ ઉત્સાહપૂર્ણ અને રંગારંગ વાતાવરણમાં યોજાયો હતો. ભારતના વિવિધ રાજ્યો અને પ્રદેશોમાંથી આવેલા ૨૦૦થી વધુ ખેલાડીઓ, મેનેજરો અને કોચોએ આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો છે. આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, DySP બી. એન. દવે, સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશન, વલસાડનાં પ્રતિનિધિ મિત્તલ ધાકડા, તથા વાપી પબ્લિક સ્કૂલનાં ડિરેક્ટર અને સિનિયર પ્રિન્સિપાલ અલ્પા કોટડિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહના વિશેષ આકર્ષણરૂપે વાપી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા અને લોકનૃત્યોને ઉજાગર કરતી સુંદર સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની કલાત્મક અભિવ્યક્તિ, ઉત્સાહ અને ગુજરાતની સંસ્કૃતિની ઝલકથી ઉપસ્થિત મહાનુભાવો મંત્રમુગ્ધ થયા હતા અને તેમણે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

તમામ મહાનુભાવોએ ખેલાડીઓને સંબોધિત કરીને રમતગમતમાં શિસ્ત, સમર્પણ, ટીમવર્ક, પરસ્પર સન્માન અને ખેલદિલી સાથે જીત અને હાર બંનેને હકારાત્મક રીતે સ્વીકારીને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા તથા રમતગમત દ્વારા જીવનમાં ઉચ્ચ લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે પ્રેરિત કર્યા હતા.

મહાનુભાવોએ આટલા પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવના સફળ આયોજન માટે વાપી પબ્લિક સ્કૂલની વ્યવસ્થા, આયોજનશક્તિ અને મહેમાનો તથા ખેલાડીઓ માટે કરવામાં આવેલી સુદૃઢ તૈયારીઓની પ્રશંસા કરી હતી. આ ભવ્ય ઉદ્ઘાટન સમારોહે રમતગમતની સાથે સાંસ્કૃતિક એકતા, શિસ્ત અને રાષ્ટ્રીય ભાવનાનો સુંદર સંદેશ આપ્યો હતો. ૭મી CISCE નેશનલ ગેમ્સ એન્ડ સ્પોર્ટ્સ - ૨૦૨૬ ખેલાડીઓ માટે પોતાની પ્રતિભા દર્શાવવા, નવી મિત્રતા કેળવવા અને રમતગમતની સાચી ભાવનાને આત્મસાત્ કરવાનો યાદગાર અવસર બની રહે તેવી શુભકામનાઓ સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

## વાપી લેઉઆ પટેલ સમાજના અગ્રણી એન. ટી. પટેલનું જૈફ વયે નિધન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** લેઉઆ પટેલ (પાંચ ગામ) સમાજના અગ્રણી સમાજના પ્રથમ સિવિલ એન્જિનિયર સ્વ.નવીનભાઈ ઠાકોરદાસ પટેલનું ૮૬ વર્ષની જૈફ વયે અવસાન થતાં સમાજમાં શોકની લાગણી ફેલાઈ છે.

એન ટી પટેલના નામે બારડોલી પંથકમાં જાણીતા સ્વ. નવીનભાઈએ મઢી બારડોલીને પોતાની કર્મભૂમિ બનાવીને સુગર ઈન્ડસ્ટ્રીઝમાં સેવા આપી અગ્રેસર સ્થાન સ્થાપિત કર્યું હતું. સ્વ.નવીનભાઈએ જમાનામાં ઘણા પ્રોજેક્ટમાં સફળતા પ્રાપ્ત કરી હતી. કેટલાક વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયા બાદ ફરીથી બારડોલી ખાતે સમાજ સેવાની પ્રવૃત્તિમાં જોડાયા હતા. ગૌ શાળા માટે દાન,સમાજ સેવાની સતત પ્રવૃત્તિમાં સંકળાયેલા હતા. લેઉઆ પટેલ સમાજ ઉત્થાન માટે સદા તત્પર રહેતાં સ્વ.નવીનભાઈએ સમાજના યુવાનોને ઉત્તમ શિક્ષણ અને સારું શિક્ષણ મળે તે માટે પ્રયત્નશીલ રહ્યા હતાં. તેમના અવસાનથી લેઉઆ પટેલ સમાજને ન પુરાય તેવી ખોટ પડી છે.

## રોણવેલ આર.કે. પટેલ વિદ્યાલયમાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા ૮ :** વલસાડ તાલુકાના રોણવેલ ગામે આવેલ આર. કે. પટેલ સાર્વજનિક વિદ્યાલય માં એસ.વી.એસ. (સદાચાર) કક્ષાનું ભવ્ય બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ઉત્સાહભેર યોજાઈ હતું. આ પ્રદર્શનનો મુખ્ય વિષય ટકાઉ અને વિકસિત ભારત માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને ઈનોવેશન રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને તેમની સુપ્ત પ્રતિભા બહાર આવે તે માટે યોજાયેલા આ પ્રદર્શનમાં આશરે ૫૨ થી વધુ શાળાઓમાંથી કુલ ૭૨ જેટલી અદભુત કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહી બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત



કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓની કૃતિઓની પ્રશંસા કરી હતી કે આવી સ્પર્ધાઓથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય મનીષભાઈ પટેલ, ડૉ. પન્નાબેન પટેલ, રોણવેલ વિભાગ કેળવણી મંડળ મંત્રી રમેશભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, આચાર્ય ડૉ. ધનસુખભાઈ આહીર આ ઉપરાંત વિવિધ શાળાઓના આચાર્યો, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી આ વૈજ્ઞાનિક મહોત્સવને સફળ બનાવ્યો હતો. શાળાના આચાર્ય ડૉ. ધનસુખભાઈ આહીરે તમામ મહેમાનો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## દમણના દરિયાકિનારે કચરો ફેંકવા પર ૫૦૦નો દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૯ : પ્રવાસન સ્થળ દમણના દરિયાકિનારાને સ્વચ્છ અને સુંદર રાખવા માટે દમણ મ્યુનિસિપલ કાઉન્સિલ દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. બીચ પર ખાણી-પીણી કર્યા બાદ કચરો ગમે ત્યાં ફેંકતા લોકો સામે હવે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. જાહેર સ્થળોએ ગંદકી ફેલાવનારાઓ પાસેથી સ્થળ પર જ ૫૦૦નો દંડ વસૂલવામાં આવશે.નગર પાલિકા ના નવા આદેશ મુજબ, શુક્રવાર, શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસોમાં નાની દમણ અને મોટી દમણના બીચ ફ્રન્ટ વિસ્તારોમાં કચરા પર નિયંત્રણ રાખવા માટે વિશેષ ટીમો તૈનાત કરવામાં આવશે.

## બલીઠા ચેકપોસ્ટથી દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૯ : પોલીસને મળેલી બાતમીના આધારે વાપી ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી. ઝાલાની સૂચનાથી સર્વેલન્સ ટીમ પીએસઆઈ આર.ડી. પટેલ, એએસઆઈ પ્રદીપસિંહ પ્રતાપસિંહ, પોલીસ કોન્સ્ટેબલ અલ્પેશભાઈ ભીમાભાઈ અને નરેશભાઈ શાંતિલાલ સહિતની ટીમે બલીઠા પોલીસ ચેકપોસ્ટ પર વાહનની તપાસ કરી હતી. આ દરમિયાન ટાટા ટેમ્પો નંબર DD-01-E-9928માંથી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસે ટેમ્પો ચાલક સંતોષ કચ્છુ બલ્લી યાદવ (ઉંમર ૩૫ વર્ષ), રહે. લવાછા, વાપી-સેલવાસા રોડ, વાપી, મૂળ રહે. વારાણસી, ઉત્તર પ્રદેશની ધરપકડ કરી છે. જ્યારે પાટીલ નામનો અન્ય એક શખ્સ, જેનું પૂરું નામ અને સરનામું પોલીસને મળ્યું નથી, તેને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે રૂ. ૭ લાખનો ટેમ્પો, રૂ. ૭,૪૬,૪૪૮નો દારૂ અને રૂ. ૫,૦૦૦ન

ો મોબાઈલ ફોન કબજે કર્યો છે. આ મામલે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી બે દિવસ જિલ્લાના પ્રવાસે

(દમણગંગા ટાઈમ્સ)

વલસાડ, તા. ૦૯ : રાજ્યના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા તા. ૧૦ ઓક્ટોબરના શનિવારે સવારે ૯-૩૦ કલાકે વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા આયોજિત ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ મોનીટરીંગ ઓફ ટોક્સીક ગેસીસ સેમિનારમાં વાપીના કનુ દેસાઈ વીઆઈએ ઓડિટોરીયમમાં હાજરી આપશે. ત્યારબાદ ૧૨ કલાકે વાપીથી નીકળી કપરાડાના નાની પલસાણ ચોકી જશે જ્યાં બપોરે ૧-૩૦ થી બપોરે ૨-૪૫ કલાક સુધીનો સમય અનામત રહેશે. બપોરે ૨-૪૫ કલાકે નાની પલસાણ ચોકીથી નીકળી કોલવેરા જશે. જ્યાં ૩-૦૦ કલાકે પહોંચી કોલવેરામાં વન કવચનું ઉદઘાટન કરશે. ૩-૩૦ કલાકે કોલવેરાથી નીકળી કપરાડા રેંજ કચેરી જવા રવાના થશે. સાંજે ૪ કલાકે કપરાડા રેંજ કચેર

ીનું ઉદઘાટન કરશે. સાંજ ૪-૪૦ કલાકે કપરાડા રેંજ કચેરીથી પાનસ જવા રવાના થશે. સાંજે ૫ કલાકે પાનસ ખાતે વનધન વિકાસ કેન્દ્ર તથા સહભાગી વન વ્યવસ્થા મંડળીના સભ્યો સાથે મુલાકાત કરશે. સાંજે ૫-૪૦ કલાકે પાનસથી મોટાપોંઢા જવા રવાના થશે. સાંજે ૬ કલાકે મોટાપોંઢામાં એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરશે. સાંજે ૬-૩૦ કલાકે મોટાપોંઢાથી પીપરોળી જવા રવાના થશે સાંજે ૭ કલાકે પીપરોળી વન ચોકી ખાતે રાત્રિ રોકાણ કરશે.

બીજા દિવસે તા. ૧૧ ઓક્ટોબરને રવિવારે સવારે ૭-૪૫ કલાકે પીપરોળી વન ચોકીથી મધુબન ડેમ જવા રવાના થશે. સવારે ૮ કલાકે મધુબન ડેમ તથા નજીકના વન વિસ્તારની ઈકો ટુરીઝમની મુલાકાત લેશે. ૯-૧૫ કલાકે મધુબન ડેમથી સરીગામ જવા રવાના થશે.

૧૦ કલાકે સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સીઈટીપી પ્લાન્ટની મુલાકાત કરી એસોસિએશનના સભ્યો સાથે બેઠક કરશે. ૧૨ કલાકે સરીગામથી વાપી જવા રવાના થશે. ૧૨-૩૦ કલાકે વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સીઈટીપી પ્લાન્ટની મુલાકાત લેશે.

### ગુજરાત રાજ્ય
### નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
### દમણગંગા નહેર સંશોધન વિભાગ વલસાડ
### જાહેર નિવિદા નં.૧૦ સને ૨૦૨૬-૨૭ ઓન-લાઈન ઈ-ટેન્ડર

કાર્યપાલક ઈજનેર, દમણગંગા નહેર સંશોધન વિભાગ, વલસાડ તરફથી જાહેર બાંધકામ વિભાગ હેઠળના 'ઈ-૧' વર્ગ તથા તેની ઉપરની શ્રેણીમાં સીવીલ વર્ક માટે રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી નીચે મુજબના વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના કામોને માટે સ્ટાન્ડર્ડ બીડ ડોક્યુમેન્ટમાં ઓન-લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

(૧) કંસ્ટ્રક્ટીંગ સ્ટેપ્સ ઓન કોસ્ટલ પ્રોટેકશન વર્ક એટ વિલેજ : કોસંબા (બીટવીન ચે.૨૩૦૦.૦૦ ટુ ચે. ૨૭૦૦.૦૦ મીટર) તા.જી.વલસાડ
અંદાજીત કિંમત - રૂા.૧૯.૬૩ લાખ

(૨) કંસ્ટ્રકશન ઓફ ટેમ્પરરી પ્રોટેકશન વર્ક એટ જોગણી માતા ટેમ્પલ, વિલેજ : કોસંબા તા.જી.વલસાડ અંદાજીત કિંમત - રૂા.૪૮.૦૨ લાખ

(૩) ટેન્ડર ઓન લાઈન સબમીશન તા.૨૩/૧૦/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી કરી શકાશે.

(૪) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ૨૬/૧૦/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(૫) ડીટેઈલ ટેન્ડર નોટીસમાં જણાવેલ ડોક્યુમેન્ટ ઓનલાઈન અને ફીઝીકલ સબમીશન કરવાનાં રહેશે. ફીઝીકલ ડોક્યુમેન્ટ રજી.પો.એ.ડી./ સ્પીડપોષ્ટ મારફત તા.૩૦/૧૦/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધીમાં સબમીશન કરવાના રહેશે. ડીટેઈલ ટેન્ડર નોટીસમાં જણાવેલ ડોક્યુમેન્ટ પૈકી કોઈ પણ ડોક્યુમેન્ટ રજુ કરેલ ન હોય તે એજન્સીનું ટેન્ડર માન્ય ગણવામાં આવશે નહી.

(૬) નામ અને સરનામું :
(૧) અધિક્ષક ઈજનેરશ્રીનું સરનામું
અધિક્ષક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વર્તુળ, દમણગંગા ભવન, બીજો માળ, તા.જી.વલસાડ
(૨) કા.ઈ.શ્રી.નું સરનામું :
કાર્યપાલક ઈજનેરશ્રી, દમણગંગા નહેર સંશોધન વિભાગ, વલસાડ, દમણગંગા ભવન બીજો માળ, તા.જી.વલસાડ
ફોન નં. (૦૨૬૩૨) ૨૫૪૫૦૩

(૭) આ કામની વિગતવાર નોટીસ વેબસાઈટ https://tender.nprocure.comઅને કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રહેશે.

નં.માહીતી/વલસાડ/૪૬૮/૨૦૨૬

## વાંસદા નેશનલ પાર્ક વિસ્તારમાથી ખેરનાં લાકડા ભરેલી બોલેરો ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૦૯ : દક્ષિણ ડાંગ વન વિભાગ હસ્તકની વાંસદા નેશનલ પાર્કની નવતાડ રેન્જના વન વિભાગના સ્ટાફ દ્વારા નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ખેરનાં લાકડાની તસ્કરીનો પર્દાફાશ કર્યો છે.નવતાડ વન વિભાગની ટીમે શંકાસ્પદ મહિન્દ્રા બોલેરો ગાડીનો પીછો કરીને તેને કબજે કરી હતી. ગાડીમાંથી ખેરનાં છોલેલા લાકડાનો જથ્થો મળી આવતા વાહન સહિત કુલ રૂ. ૨,૧૬,૬૬૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.-પ્રાપ્ત વિગતો અનુસાર, તા. ૦૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વાંસદા નેશનલ પાર્કની નવતાડ રેન્જના તમામ સ્ટાફ તથા રોજમદારો દ્વારા વઘઈથી વાંસદા જતા મુખ્ય માર્ગ પર નાઈટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતુ.આ દરમિયાન વહેલી સવારે આશરે ૬:૩૦ વાગ્યે ખાંભલા ફાટક પાસે મહિન્દ્રા કંપનીની બોલેરો ગાડી નંબર GJ-09-BB-5712 શંકાસ્પદ જણાતા વન વિભાગની ટીમે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો.જોકે, વાહનચાલકે ગાડી ઊભી રાખવાને બદલે પૂરપાટ ઝડપે હંકારીને ભાગવાનો -યાસ કર્યો હતો. આથી વન વિભાગની ટીમે ગાડીનો પીછો કર્યો હતો. અંતે આંબાબારી ખાતે નવતાડ નાહરી હોટલની બાજુમાં ગાડી ઊભી રાખીને વાહનચાલક ફરાર થઈ ગયો હતો.ત્યારબાદ વન વિભાગના સ્ટાફ અને રોજમદારોની ટીમે ગાડીની તપાસ કરતા તેની અંદર બિનપરવાનગીનાં ખેરનાં છોલેલા ઈમારતી લાકડા મળી આવ્યા હતા. તપાસ દરમિયાન લાકડાના કુલ ૧૯ નંગ, જેનો જથ્થો ૦.૪૭૬ ઘનમીટર હોવાનું નોંધાયુ હતુ. વન વિભાગ દ્વારા લાકડાની અંદાજિત કિંમત રૂ. ૧૬,૬૬૦ અને બોલેરો ગાડીની અંદાજિત કિંમત રૂ. ૨,૦૦,૦૦૦ આંકવામાં આવી છે.આમ, લાકડા અને વાહન સહિત કુલ રૂ. ૨,૧૬,૬૬૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ મામલે વન વિભાગ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## વલસાડમાં અગ્રસેન જયંતીની ભવ્ય ઉજવણી થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વલસાડ અગ્રવાલ સમાજ દ્વારા મહારાજા અગ્રસેનની જન્મજયંતી નિમિત્તે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ આગામી ૧૧ ઓક્ટોબર, રવિવારના રોજ સાંજે ૪ થી રાત્રે ૯ વાગ્યા દ

રમિયાન હોટેલ ગ્રેન્ડ્યોર વ્હાઈટ હાઉસ લેન, મોંઘાભાઈ હૉલ સામે બેચર રોડવલસાડ માં યોજાશે. કાર્યક્રમ દરમિયાન વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કાર્યક્રમની શરૂઆત મહારાજા અગ્રસેનની આરતી અને વંદના સાથે થશે, લકી ડ્રો માટેનું રજિસ્ટ્રેશન માત્ર ૧૫ મિનિટ સાંજે ૪ થી ૪:૧૫ વાગ્યા સુધી માટે જ ચાલુ રહેશે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક ભેટ આપી સન્માનિત કરવામાં આવશે.

સ્પર્ધાઓ અને રજૂઆત બાળકો તેમજ વડીલો માટે પ્રશ્નોત્તરી (ક્વિઝ) સ્પર્ધા, ધાર્મિક વિષયો પર જ્ઞાન પ્રદર્શન, નૃત્ય-નાટક, ભજન અને ગાયનની વિવિધ પ્રસ્તુતિઓ યોજાશે.

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૩૩/૨૦૨૬

અરજદાર : રાધાબેન ઉત્તમભાઈ મીતના, ઉ.આ.વ. ૭૫, ધંધો - ઘરકામ
રહે. મુ.પો. ફણસા, મિતનાવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ, (વ.શ્રી. જે.એમ. પટેલ)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ફણસા
ગ્રામ પંચાયત કચેરી, ફણસા
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રાધાબેન ઉત્તમભાઈ મીતના** રહે. મુ.પો. ફણસા, મિતનાવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર નામે **ભરતકુમાર ઉત્તમભાઈ મીતનાનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૭૫ના રોજ મોજે - ફણસા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૧૩૩/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

### કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

**પર્યન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ**
**ટેન્ડર સૂચના**
**દમણ જિલ્લામાં સ્માર્ટ શેર્ડ મોબિલિટી સેવાઓ (સાયકલ અથવા ઈ-સ્કૂટર)ની વ્યવસ્થા, સંચાલન અને જાળવણી કરવા માટે એજન્સીની પંસદગી માટે આરએફપી ($2^{nd}$ કોલ)**
**ટેન્ડર ID: 2026_DAMN_5012_1**
**ટેન્ડર નં.3/123/DT/DNH&DD/Bicyeles/2024-25/413**
**હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :૨૨/૧૦/૨૦૨૬**
**બિડ ખોલવાની તારીખ : ૨૩/૧૦/૨૦૨૬**

નિર્દેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - ૩૯૬૨૧૫

NO.: IP/DMN/2/5/2026-27/576 DATED : 9/10/2026

### કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
### સેલવાસ નગર પાલિકા
### નિવિદા આમંત્રણ સૂચના

કાર્ય નું નામ: સિલવાસા નગર પાલિકાના જી.આઈ.એસ આધારિત પ્રોપર્ટી સર્વે, અને સિલવાસા નગર પાલિકાના સોફ્ટવેરનું સંચાલન અને જાળવણી અને તેને લગતી બાબતો અને સિલવાસા નગર પાલિકા વિસ્તારમાં જોડાયેલી બાબતો.

| | |
|---|---|
| ટેન્ડર સૂચના નં. | ૧૪ of ૨૦૨૬-૨૭ |
| ટેન્ડર ID | 2026_UTDNH_8293_1 |
| દસ્તાવેજ ડાઉનલોડ પ્રારંભ તારીખ | ૦૯/૧૦/૨૦૨૬ ૧૩.૦૦ વાગ્યે |
| પ્રિ - બિડ મીટિંગ ની તારીખ | ૧૬/૧૦/૨૦૨૬ ૧૧.૦૦ વાગ્યે |
| બિડ/અપલોડ કરવા માટેની છેલ્લી તારીખ અને સમય | ૨૩/૧૦/૨૦૨૬ ૧૨.૦૦ વાગ્યે |
| બિડ ઓનલાઇન ખુલવાની તારીખ | ૨૩/૧૦/૨૦૨૬ ૧૪.૦૦ વાગ્યે |
| Web Site : https://dnhtenders.gov.in Mail ID: silvassamunicipalcouncil.com | |
| Phone No. 0260-2633193 Mo. No.: +91 8347472611 | કોઈપણ અન્ય વિગતો: |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

મુખ્ય અધિકારી, સેલવાસ નગર પાલિકા, દાદરા અને નગર હવેલી, સેલવાસ

NO.: IP/DMN/2/5/2026-27/573 DATED : 09/10/2026

### TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૯:૩૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૪-૧૦-૨૦૨૬ (બુધવાર) | સિલ્લી | ૧૧ કેવી કિલવાણી રૂલર | બોન્ટા ડુંગરીપાડા ડબલ્યુટીપી, બોન્ટા શનિદેવ મંદિર, બોન્ટા બોરસપાડા, બોન્ટા આયુષ્યમાનભારત, બોન્ટા ડુંગરીપાડા, બોન્ટા કણબીપાડા, બોન્ટા કુવાપાડા, બોન્ટા ડબલ્યુટીપી, બોન્ટા કોંડાપાડા, મોટા રાંધા ચોકીપાડા, મોટા રાંધા ચોકીપાડા ડબલ્યુટીપી , મોટા રાંધા મહલપાડા, મોટા રાંધા ચાર રસ્તા,મોટા રાંધા ખોરીપાડા, મોટા રાંધા પારસીપાડા, મોટા રાંધા બર્મલ માર્કેટ, મોટા રાંધા વેગનપાડા, મોટા રાંધા ભોયાપાડા-૧, મોટા રાંધા ભોયાપાડા-૨, નાના રાંધા જીઈપીએલ, નાના રાંધા નવી નગરી, નાના રાંધા ડુંગરીપાડા, નાના રાંધા બિજોરીપાડા, સૂર્ય જૂનો કિલ્લો, પર્લ થર્મોપ્લાસ્ટ |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

### એસબીપીપી કો-ઓપરેટીવ બેંક લી. (શિડ્યુલ્ડ બેંક)
### પારસી સ્ટ્રીટ, હેડ ઓફીસ : કિલ્લા-પારડી - ૩૯૬ ૧૨૫

(Established : 1930) PROUDLY CO-OPERATIVE

## -: ખાતેદારો / લોકર ધારકો તથા સભાસદો માટે અગત્યની સુચના :-

* આથી બેન્કનાં જે ખાતેદારો / સભાસદોની KYC/CKYC પુર્તતા કરવાની બાકી હોય તેઓએ તાત્કાલિક ધોરણે તાજેતરનાં ફોટા, ઓળખનાં માન્ય પુરાવા, આધારકાર્ડ, પાનકાર્ડ, સરનામાનાં પુરાવા, ધંધાનાં પુરાવા, પ્રોજેક્ટેડ ટર્ન ઓવર, વાર્ષિક આવકનાં પુરાવા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ વિગેરેની વિગતો નિર્ધારીત ફોર્મ સાથે જે શાખામાં ખાતુ ચાલતુ હોય ત્યાં રૂબરૂ જમા કરાવી જરૂરી પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

* મોબાઈલ નંબર બેંકમાં આપેલ ન હોય તો તેની વિગત આપવી જેથી બેંક દ્વારા ખાતાને લગતી માહિતી/લોકર ઓપરેશન વિગેરેની એલર્ટ SMS થી આપી શકાય.

* વધુમાં રીઝર્વ બેન્કના તથા AML 2002 કાયદા મુજબ દરેક ખાતેદારોએ પાનકાર્ડ - આધારકાર્ડ Link કરાવી દેવા વિનંતી છે.

* બેંકમાં ચાલતા દરેક પ્રકારના ખાતામાં વર્ષમાં ઓછામાં ઓછી એકવાર લેવડ - દેવડ કરવી હિતાવહ છે.

* આથી બેંકના તમામ બચત / ચાલુ ખાતેદારોને જણાવવામાં આવે છે કે તેમણે પોતાના ખાતામાં ૨ વર્ષમાં ઓછામાં ઓછી એક વખત લેવડ દેવડ કરવી જરૂરી છે. અન્યથા તે ખાતાઓ બિન લેવડ દેવડ (Inoperative)માં વર્ગીકૃત કરવામાં આવશે અને ત્યારબાદ વખતો વખતના રીઝર્વ બેંકના નિયમો મુજબ તે ખાતાઓને નિષ્ક્રીય (DEAF) ખાતાઓમાં વર્ગીકૃત કરવામાં આવશે. ત્યારબાદ લેવડ દેવડ માટે રૂબરૂ બેંક શાખાની મુલાકાત લઈ ખાતુ એક્ટિવેટ (સક્રિય) કરવા નવેસરથી KYC/CKYC દસ્તાવેજો સુપ્રત કર્યા બાદ જ લેવડ દેવડની પરવાનગી આપવામાં આવશે એ સિવાય કોઈપણ બેંકીંગ વ્યવહારો થઈ શકશે નહીં. જેની નોંધ લેવી.

* RBI Guidelines મુજબ દરેક લોકર ધારકો એ ૧૨ માસ (૧ વર્ષ)માં ઓછામાં ઓછું એક વાર લોકર ઓપરેટ કરવું જરૂરી હોય જે લોકર ધારકોએ પોતાનું લોકર છેલ્લા ૧૨ માસ (૧ વર્ષ) કે તેથી વધુ સમયથી ઓપરેટ કર્યુ ન હોય તેઓને વિના વિલંબે પોતાનું લોકર ઓપરેટ કરી જવા જણાવવામાં આવે છે.

* જે લોકરધારકોની Key Embossing બાકી હોય તેમણે જે તે બ્રાંચમાં જઈ Key Embossing કરાવી લેવું.

* જે લોકરધારકો એ નવા લોકર બોન્ડ બનાવેલ ન હોય તેઓએ નવા લોકર બોન્ડ બનાવી જે તે બ્રાંચમાં જમા કરાવવાના રહેશે. કાર્યવાહી બાકી હોય તેવા લોકરધારકોના લોકર FREEZE કરવામાં આવેલ છે. ફરજ્યાતપણે આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ લોકર ઓપરેટ કરી શકશે.

* વારસદાર (Nominee)ની વિગત આપવાની બાકી હોય તેવા ખાતેદારો/ સભાસદો / લોકર ધારકોએ રૂબરૂ બેંકમાં આવી વારસદાર નિમણુકનું / અથવા નિમણુંક ના કરવી હોય તો તે માટેનું નિયત ફોર્મ ભરી જવા જણાવવામાં આવે છે.

* જે સગીર ખાતેદારો પુખ્તવયનાં થયા છે તેઓએ આધારકાર્ડ અને KYC મુજબ ઓળખ અને રહેઠાણનાં માન્ય પુરાવાઓ સાથે રૂબરૂ બેંકમાં આવી પોતાનાં ખાતામાં Minor to Major ની પ્રોસેસ કરાવી લેવા જણાવવામાં આવે છે. અન્યથા આવા ખાતામાં FREEZE કરી વ્યવહારો સ્થગિત કરી દેવામાં આવશે.

* બેંકની ડીજીટલ સેવાઓ જેવી કે ATM/UPI/Mobile Banking નો ગ્રાહકો લાભ લઈ નાણાંકીય લેવડ - દેવડ કરી શકે છે.

* જે સભાસદોના ખાતા આપણી બેંકમાં ન હોય તેમણે જે-તે શાખામાં ખાતા ખોલાવી લેવા, જેથી ડિવિડન્ડની રકમ ખાતામાં ચુકવી શકાય.

* આપની સંસ્થા / ટ્રસ્ટ / સોસાયટી, NITI Ayog ના DARAPAN Portal પર નોંધાયેલ હોય તે જરૂરી છે તો સબંધીત સંસ્થાની DARPAN Portal પર નોંધણી કરાવવાની કાર્યવાહી સમયસર પૂર્ણ કરશો. તથા નોંધણી થયેલ હોય તો તેનો DARPAN Registration Number (Unique ID) બેંકની જે-તે શાખામાં રજૂ કરવા વિનંતી.

* આપની સંસ્થા / ટ્રસ્ટ / સોસાયટી / કંપની / પાર્ટનરશીપ ફર્મ જેવા Non - Individual legal entities ના ખાતામાં Beneficial owner સબંધિત વિગતો નોંધાવવી જરૂરી હોય જો વિગત નોંધાવવાની બાકી હોય તો સંપૂર્ણ વિગત અને જરૂરી દસ્તાવેજો બેંકમાં રજૂ કરશો. જો Beneficial ownerની વિગતોમાં કોઈ ફેરફાર થયો હોય, તો તેની જાણ બેંકને તાત્કાલિક કરશો.

* RBI ના નિય મુજબ, બેન્ક દ્વારા ગ્રાહકને કરવામાં આવતાં ફોન માટે ૧૬૦૦ ૩૦૪૬ ૫૪ નંબર Implement કરવા આવેલ છે, જેની નોંધ લેશો

**નોંધ : આપનાં ATM/ Debit Card નાં નંબર, સી.વી.વી. પીન, એક્ષ્પાયરી ડેટ, પીન, ઓટીપી, નેટ બેંકીંગ લોગીન યુઝર/ પાસવર્ડ વગેરે માહિતી કોઈપણને આપશો નહીં. બેંક કે બેંક કર્મચારી આ પ્રકારની માહિતી માંગતા નથી.**

કિલ્લા - પારડી
તા.૦૯-૧૦-૨૦૨૬

શ્રી રાજેશભાઈ જી. રાણા
કસ્ટોડિયન

### નામ બદલ્યું છે

હું જાહેર કરું છું કે હું મારું **જૂનું નામ : કૃષ્ણકુમારી ધર્મેશભાઈ પંચાલ** થી બદલીને **નવું નામ : ક્રિષ્ના ધર્મેશ પંચાલ** અને હું મારા નવા નામથી જ ઓળખાઈશ.
તમે બધા કૃપા કરીને આની નોંધ લો.
**જૂનું નામ : કૃષ્ણકુમારી ધર્મેશભાઈ પંચાલ**
**નવું નામ :** ક્રિષ્ના ધર્મેશ પંચાલ
**સરનામું :** ૨૫ જલારામ કૃપા બંગલો, વિશ્વકર્મા સોસાયટી, પરીખ નર્સિંગ હોમની સામે, દમણ રોડ, ચલા, વાપી, વલસાડ, ૩૯૬૧૯૧, ગુજરાત, ભારત


ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

INDUSTRIAL SPACE AVAILABLE FOR RENT
READY TO MOVE
SARIGAM ANANTA INDUSTRIAL PARK
Premium 6000 sq. ft. industrial property available for lease.
6000 SQ. FT. CARPET AREA | 95 HP POWER AVAILABLE | SEPARATE WASHROOM | EASY ACCESS FOR TRANSPORT & LOGISTICS
25 ft CLEAR HEIGHT
SUITABLE FOR FACTORY SETUP, WAREHOUSE, MANUFACTURING & INDUSTRIAL USE
CONTACT: 9824728200 (CALL/WHATSAPP)

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Saturday 10, October 2026

# દમણગંગા ટાઈમ્સ


## ચીખલીનાં રોનિસ જૈનનો આપઘાત

**બીલીમોરા, તા.૯ :** ચીખલી નજીક સમરોલી ની દર્શન સોસાયટીમાં રહેતા રોનિસ પ્રકાશચંદ્ર જૈન (ઉં.વ. ૩૧) એ આંતલીયા જી.આઈ.ડી.સી. માં સાવરીયા ટ્રેડિંગ કંપનીના ગોડાઉનમાં પતરાની દીવાલની એંગલ સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.આ સમગ્ર બનાવ અંગે મૃતકના ભાઈ કાર્તિક કુમાર પ્રકાશચંદ્ર જૈન (ઉં.વ. ૩૩,) એ બીલીમોરા પોલીસ મથકે જાણ કરી હતી.

પોલીસે આ મામલે અકસ્માત મોત હેઠળ ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. ફુલસિંહ પુરુષોત્તમભાઈને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### નવરાત્રી, દુર્ગાપૂજા અને દશેરા ઉત્સવને ધ્યાને લઈ ડીવાયએસપીની અધ્યક્ષતામાં

## ઉમરગામથી લઈ વાપી પંથકના આયોજકોની બેઠક યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૯ :** તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજ આગામી નવરાત્રી, દુર્ગાષ્ટમી અને દશેરા તહેવારો અનુસંધાને વાપી ડિવિઝન પોલીસ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેની અધ્યક્ષતામાં વાપી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે વાપી ડિવિઝન હદ વિસ્તારના ગરબા, દુર્ગાપૂજા અને દશેરા આયોજકોની મહત્વપૂર્ણ મીટિંગ યોજાઈ હતી.

મીટિંગમાં તહેવારોની ઉજવણી શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે થાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આયોજકોને વિગતવાર સૂચનાઓ આપવામાં આવી હતી. દરેક ગરબા સ્થળે ફરજિયાત સીસીટીવી કેમેરા, પ્રોફેશનલ સિક્યુરિટી, ટ્રાફિક અને પાર્કિંગની વ્યવસ્થા, એમ્બ્યુલન્સ સુવિધા અને ફાયર સેફટીના સાધનો રાખવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં વાપી ટાઉન, વાપી GIDC, ડુંગરા, ભિલાડ, સરીગામ અને ઉમરગામ વિસ્તારના મોટી સંખ્યામાં આયોજકો હાજર રહ્યા હતા.

## વલસાડની હોટલમાં સુરતના યુવકનો આપઘાત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૯ :** શહેરના સ્ટેશન રોડ પર આવેલી જાણીતી માનસરોવર હોટેલમાં સુરતના એક યુવકે રહસ્યમય સંજોગોમાં આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સમગ્ર બનાવની જાણ થતાં જ વલસાડ સીટી પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં રહેતો ગૌરવ બજાજ નામનો યુવક વલસાડના સ્ટેશન રોડ સ્થિત માનસરોવર હોટેલમાં રોકાયો હતો. દરમિયાન હોટેલના રૂમમાં તેણે અગમ્ય કારણોસર અંતિમ પગલું ભરી જીવન ટૂંકાવી લીધું હતું. હોટેલ સ્ટાફને બનાવની જાણ થતાં તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

ઘટનાની માહિતી મળતા જ વલસાડ સીટી પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. યુવકે કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી મળી શકી નથી. પોલીસે યુવકના પરિવારજનોને જાણ કરી અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે.

### સાચું હોય તો શરમજનક : તલસ્પર્શી તપાસ જરૂરી

## પારડીમાં વિદ્યાર્થિની સાથે આચાર્યનાં કથિત અડપલાંનાં આક્ષેપથી ચકચાર

### પિતાએ વોચ રાખી જાત તપાસ કરતા ભાંડો ફુટ્યો : પોલીસને રાવ બાદ મામલો દબાવી દેવા જાત જાતના દબાણોની ચર્ચા વચ્ચે સમાધાન થઈ ગયું હોવાની વાત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૯ :** કિલ્લા-પારડી વિસ્તારમાં આવેલી એક શાળાના આચાર્ય સામે ધોરણ-૧૧ સાયન્સમાં અભ્યાસ કરતી સગીરા સાથે છેડતી અને અયોગ્ય શારીરિક વર્તન કરવા અંગે જિલ્લા પોલીસ વડા સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવતા શૈક્ષણિક આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પીડિતાના પિતાએ આચાર્ય સામે કડક કાયદેસર કાર્યવાહી કરવા તેમજ મામલો દબાવવાનો પ્રયાસ કરનાર સંચાલકો સામે પણ તપાસ કરવાની માંગ કરી છે.

પારડી વિસ્તારમાં રહેતા પિતાએ વલસાડ જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરી જણાવ્યું કે પારડી વિસ્તારમાં આવેલી એક શાળાના આચાર્ય એ તેમની સગીર પુત્રી શાળા છૂટવાનો સમય બપોરે ૨:૦૦ વાગ્યાનો હોવા છતાં છેલ્લા કેટલાક દિવસોથી સાંજે ૪:૦૦ વાગ્યે ઘરે આવતી હતી અને તેનું વર્તન માનસિક રીતે પરેશાન જણાતું હતું. પરિવાર દ્વારા પૂછપરછ કરાતાં વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે, શાળાના આચાર્ય શાળા છૂટ્યા પછી તેને રોકી રાખી 'તને IAS/IPS બનાવીશ, પરીક્ષામાં પાસ કરાવીશ' જેવી લાલચો આપી નજીક આવી અયોગ્ય શારીરિક સ્પર્શ અને છેડતી કરતા હતા.

વિદ્યાર્થિનીના પિતાએ હકીકત જાણવા માટે શાળા છૂટવાના સમયે ત્યાં વોચ રાખી હતી. તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ નીકળી ગયા બાદ પણ દીકરી બહાર ન આવતાં તેઓ અંદર તપાસ કરવા ગયા હતા. તેમને પ્રથમ માળે આવેલી લેબોરેટરી (રૂમ નં. ૨૬૬) પાસે જતાં આસપાસના રૂમોને તાળાં હતાં અને લેબનો દરવાજો અંદરથી બંધ જણાયો હતો. પિતાએ દરવાજો ખખડાવતાં આચાર્ય એ અંદરથી દરવાજો ખોલ્યો હતો અને સગીરા અંદર જ મળી આવી હતી. પૂછપરછ કરતાં દીકરીએ રડતાં રડતાં પોતાની સાથે થયેલા અયોગ્ય વર્તનની વાત કરી હતી.

અરજીમાં આક્ષેપ કરાયો છે કે આ સમગ્ર ઘટના બાદ શાળાના ટ્રસ્ટીઓ અને સંચાલકો દ્વારા મામલો દબાવી દેવા માટે ધમકી અને દબાણ કરવામાં આવી રહ્યું છે. પીડિતાના પરિવારે કોઈ પણ દબાણમાં આવ્યા વિના કિલ્લા-પારડી પોલીસ સ્ટેશન તથા જિલ્લા પોલીસવડા કચેરીએ લેખિત રજૂઆત કરી નિષ્પક્ષ તપાસ કરી કડક કાનૂની પગલાં ભરવા માંગ કરી છે. આ મામલે હવે પોલીસ પ્રશાસન કેવા પગલાં ભરે છે તેના પર સમગ્ર પંથકની નજર છે. જોકે છેલ્લે છેલ્લે આ મામલે કેટલાક રાજકીય આગેવાનોના દબાણો અને આચાર્યએ માફી માંગી પરિવાર સાથે સમાધાન કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

## ડુંગરી ઓવરબ્રિજ નજીક અજાણ્યા વાહનની ટક્કરે વૃદ્ધનું મોત

**વલસાડ, તા. ૦૯ :** વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ પર ડુંગરી ઓવરબ્રિજ પર ના મુંબઈથી સુરત તરફ જતા ટ્રેક પર ડુંગરી રેલીયા ફળીયા નવીનગરી માં રહેતા ૬૬ વર્ષીય વૃદ્ધ નું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા ડુંગરી ઓવરબ્રિજ પાસેથી ગઈકાલે ૮ મી ઓક્ટોબરના રોજ સાંજે ૪:૪૫ કલાકે કાંતુભાઈ પટેલ ઉંમર વર્ષ ૬૬ રહે ડુંગરી રેલીયા પડ્યા નવીનગરી તાજી વલસાડ પોતાના ઘરેથી સાસરીમાં જવા માટે થેલી લઈને નીકળ્યા હતા. તે દરમિયાન ડુંગરી ઓવરબ્રિજ નજીકથી પસાર થતી વખતે કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી કાંતુભાઈને જોરદાર અડફેટે લેતા કાંતુભાઈને માથા તેમજ પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેઓ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પટકાયા હતા અને તેમનું સ્થળ પર કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ વાહનચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં જ મૃતકના ભત્રીજા જીતેશભાઈ ચંદુભાઈ પટેલ સહિત આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. ત્યારબાદ મૃતદેહને ખાનગી વાહન મારફતે ડુંગરી સરકારી હોસ્પિટલ માં પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર બનાવ અંગે જીતેશભાઈ પટેલે ડુંગરી પોલીસ મથકે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી ફરાર વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

## કાંગવીના યુવકનો મૃતદેહ માન નદીમાંથી મળ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૦૯ :** ધરમપુર તાલુકાના કરંજવેરી ગામે માન નદીના પુલ નીચેથી ૨૫ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક યુવક ધરમપુર તાલુકાના કાંગવી ગામના ખોરી ફળિયામાં રહેતા જગદીશભાઈ યુનિલાલ પટેલનો પુત્ર સંકેતભાઈ જગદીશભાઈ પટેલ (ઉં.વ. ૨૫) હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ, સંકેતભાઈ તા. ૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યાથી તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના સવારે ૯:૩૦ વાગ્યાની વચ્ચે કોઈને કંઈપણ કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. ત્યારબાદ કરંજવેરી ગામે માન નદીના પુલ પરથી નદીના પાણીમાં કૂદી પડતાં તેમનું મૃત્યુ થયું હોવાની માહિતી સામે આવી છે.

આજ રોજ સવારે આશરે ૯ વાગ્યે કરંજવેરી ખાતે માન નદીના પુલ નીચેથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવ અંગેની જાણ થતાં ધરમપુર પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. યુવકે કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે કોઈ માહિતી પ્રાપ્ત થઈ ન હતી.

## કાકડકુવામાં વીજ કરંટ ખેડૂતનું મોત

**ધરમપુર, તા.૦૯ :** કાકડકુવા ગામના કુંકણ ફળિયામાં રહેતા સુભાષભાઈ જૈસિંગભાઈ માહલા ઉં.વ. ૪૯ તા. આજ રોજ બપોરે આશરે ૧:૩૦ વાગ્યે કાકડકુવા ગામના કુંકણ ફળિયા ચાર રસ્તા પાસે આવેલા પોતાના ખેતરમાં વીજ થાંભલાને નડતી ડાળીઓ કાપવા ગયા હતા. આ દરમિયાન અચાનક કોઈ અગમ્ય કારણસર તેમને વીજ કરંટ લાગતાં તેઓ જમીન પર પટકાયા હતા. વીજ કરંટ લાગવાથી ગંભીર અસર થતાં સારવાર મળે તે પહેલાં જ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગેની જાણ થતાં ધરમપુર પોલીસ દ્વારા અકસ્માતે મોત અંગે નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ખેતરમાં કામ કરતી વખતે બનેલી આ દુર્ઘટનાથી મૃતકના પરિવારજનોમાં શોકની લાગણી ફરી વળી હતી.






## અનાવિલ અવસાન



ગામ પંડોર હાલ વાપી નિવાસી શ્રી દિનેશભાઈ ધીરુભાઈ દેસાઈ (ઉ. વ. ૫૯ ) આજે શુક્રવાર તા. ૦૯.૧૦.૨૦૨૬ નાં રોજ દેવલોક. પામ્યા છે.

તેઓ સ્વ. કંચનબેન અને સ્વ. ધીરુભાઈ નારણજી ભુલાભાઈ દેસાઈનાં પુત્ર, રીનાનાં પતિ, ઋતુલ અને કરણનાં પિતા, કોમલ અને સેજલનાં સસરા, પ્રવ્યાના દાદા, પલ્લવી અને ભદ્રેશના ભાઈ, રીનાનાં જેઠ, સંદીપ કુમારના સાળા, પાર્થ અને માનસીનાં કાકા, વિહાના કાકા સસરા, રાધિકા પુનિતકુમારના મામા, ગામ વટાર હાલ વડોદરા નિવાસી દિવ્યેશ કુમાર અને કામિની બેન દેસાઈના વેવાઈ,

**સાસરા પક્ષ :** ગામ ચણોદ નિવાસી સ્વ. નયનાબેન અને સ્વ. નટુભાઈ ખંડુભાઈ દેસાઈનાં જમાઈ, મોના, અમીતા અને રક્ષાબેનના બનેવી. પિનલકુમાર, મિલનકુમાર અને મિહિર કુમાર ના સાઢુભાઈ

સદ્દગતની અંતિમયાત્રા આજે સાંજે ૫.૩૦ કલાકે નીકળી રાતાખાડી, પંડોર સ્મશાનગૃહ જશે.

**નિવાસ્થાન :** ફ્લેટ નંબર ૨૦૩, રાજમોતી સોસાયટી, હરિયા હોસ્પિટલ ની બાજુમાં, વાપી.

**સંપર્ક નં. ભદ્રેશ :** ૯૯૯૮૯૫૦૫૪૬, **ઋતુલ (રવી) :** ૯૮૨૫૬૭૬૨૧૯, **કરણ :** ૯૯૦૯૧૧૩૦૬૦, **પલ્લવી :** ૯૮૨૦૭૬૭૭૬૩, **દિવ્યેશભાઈ :** ૭૭૭૯૦૩૩૧૦૦

## વાપી રેલવે સ્ટેશને અજાણ્યા યુવકનું મોત

**વાપી, તા.૦૯ :** વાપી રેલવે સ્ટેશનના ફૂટ ઓવરબ્રિજ ઉપર પૂર્વ તરફના બ્રિજના આવવા-જવાના રસ્તા ઉપર એક અજાણ્યા પુરુષનું કુદરતી રીતે મરણ થયેલી હાલતમાં લાશ મળી આવી છે.

વાપી રેલવે પોલીસ સ્ટેશનમાં અ.મોત નં. ૫૮/૨૦૨૬ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૯૪ મુજબ નોંધાયું છે. પોલીસના જણાવ્યા મુજબ મરણજનાર પુરુષ ઉ.વ. ૩૫ થી ૪૦ ના આશરાનો છે અને તા.૦૨/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે ૧૮/૪૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે મૃત્યુ પામ્યો છે. લાશનું પી.એમ. સરકારી હોસ્પિટલ ચલા વાપી ખાતે કરાવવામાં આવ્યું છે. મરણજનારની ઊંચાઈ ૫ ફૂટ ૩ ઈંચ, રંગે ઘઉંવર્ણો છે. તેના ડાબા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં "D K" ત્રોફાવેલ છે. તેણે આછા બ્લ્યુ કલરનો ફૂલ બાયનો શર્ટ અને બ્લેક કલરનું પેન્ટ પહેરેલ છે. વાલીવારસો ન મળતા પોલીસે ઓળખ માટે જાહેરાત કરી છે.










**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**